ડા. મીનોચહેરનો ઠઠ્ઠી

પરણ્યા સંસારનું સત્યાનાશ વાળતા એક ભયંકર રોગની
બોધદાયક ચર્ચા કરતો જાણવા જોગ રસીલો ખેલ

ફીરોજશાહ રુસ્તમજી મહેતા

ડૉ. મીનોચેહેરનો દર્દી

[ત્રણ અંકી નાટક]

પરણ્યા સંસારનું સત્યાનાશ વાળતા એક ભયંકર રોગની
બોધદાયક ચર્ચા કરતો જાણવા જોગ રસીલો ખેલ

ફિરોજ઼શાહ રુસ્તમજી મહેતા
કરાંચી

૧૯૩૦

"યુનીયન" પ્રેસ, લીમીટેડ, કેમ્પ, કરાંચી

પ્ર સ્તા વ ના

સુપ્રસિદ્ધ માસિક 'શારદા' માટે 'રદ્દી માલ' નામ હેઠળ આ નાટક પ્રથમ લખેલું. 'શારદા'માં એ છપાયા પછી એમાં લોકહિત જોઇ મુંબાઇના અઠવાડીક પત્ર 'સ્વદેશ'ના તંત્રીશ્રીએ પોતાની ખુશીથી તેને પોતાના પત્રમાં પ્રકટ કર્યું. તે પછી કેટલાક કોમી મિત્રોએ સૂચના કીધી કે પારસી કોમ સારૂ એને **પારસી સ્વરૂપ** આપવું. તે પ્રમાણે પારસી અવતારે એણે કરાંચીના માસિક 'ખોરશેદ પ્રકાશ'માં દેખાવ દીધો. આજે એ પુસ્તક આકારે પ્રકટ થાય છે.

નાટકનું સૂચન 'Damaged Goods'ના જોએલા ખેલ પરથી લીધું છે. મૂળના રસને જાળવી વસ્તુ (Plot) માં યોગ્ય ફેરફાર આણી વિશેષ વિગત તથા વિચારો સહીત આખું નાટક સ્વતંત્રપણે લખાયું છે. 'શારદા'માં છપાયા પછી નાટકના બીજા તથા ત્રીજા અંકમાં ઘણોએક ઉમેરો કર્યો છે.

આ નાટકના પાત્રો પારસી હોઇ સ્વભાવિક્તા અર્થે તેમની મુખવાણીમાં અમુક અંશે અશુદ્ધ ભાષા જાણી જોઇ દાખલ કીધી છે.

ખોટી શરમને બાજુએ મેલી

જે

સજ્જનો તથા સન્નારીઓ

લોકોની અજ્ઞાનતાને અને વેદનાને

ટાળવા નિડરપણે

સુસેવા કરી રહ્યાં છે

તેમને

માનપૂર્વક

અર્પણ

આભાર

આ બોધદાયક નાટક કરાચીની પારસી કોમના એકે એક કુટુંબમાં મફ્ત વંચાય એવી ભલી ભાવના તથા પરોપકારી વૃતિથી દોરવાઇ જે કોમ હિતકારી ગૃહસ્થે નાટકને આ સ્વરૂપે પ્રકટાવવા વગર માગવે પોતાની મેળે જે નગદ મદદ કીધી છે તે માટે તેમનો અત્રે આભારજ માનું છું.

ખાસ નોંધ: આ નાટક પારસી કોમ કે કોઈપણ કોમમાં બનેલા કોઈ ખરા બનાવ કે વાત ઉપરથી લખવામાં આવ્યું નથી. કોઇપણ કુટુંબને કે કોઇપણ પુરુષને લાગુ પાડીને એ લખાએલું નથી. ખેલમાં રજુ થતા ડૉકટર, દર્દી વગેરે બધાં પાત્રો મનથી ઉપજાવી કાઢેલાં છે, એની ખાત્રી નાટકની ઉત્પતિ તથા ઇતિહાસ જેની વિગત પાછલા પૃષ્ઠોમાં જણાવી છે તે પરથી વાંચકોને થઈ શકશે.

નાટકની ટુંક તવારિખ.

તા. ૧૯મી સપ્ટેમ્બર ૧૯૧૮ના ગુરુવારની એ રાત હતી. કરાચીનુ 'પેલેસ થીએટર' તમાશબીનોથી ચિકાર ભરાઇ ગયું હતું. એ રાત્રે વિલાયતથી આવેલી 'ચાર્લસ હોવિટ એન્ડ ફિલિપ્સ ડ્રેમેટિક એન્ડ કોમેડી કુ૦,' પશ્ચિમના દેશોમાં બધેબધ અતિ વખણાએલો એક ખેલ ભજવી બતાવનાર હતી. નાટકનું નામ 'Damaged Goods' એટલે 'રદ્દી માલ.'

નાટકની બાબત શી છે—નાટક કયા પ્રકારનું છે એની જાણ દિવસો આગમજથી બધે થએલી હોવાથી થીએટરમાં ભારે ઠઠ જામી હતી. અંગ્રેજ યુરોપિયન તથા સર્વે દેશી કોમોના શીખેલાં તથા શક્તિવાળાં સજ્જનો અને સન્નારીઓ ત્યાં હાજર હતાં. જુવાન વર્ગની હાજરી તથા ઉમંગનું પૂછવુંજ શું! તેઓમાંના કેટલાક ખરેખર કાંઇક જાણવાને આવ્યા હતા તો ઘણાક "કંઇક એવું તેવું" જોવા સાંભળવા મળશે એવી ધારણા અને ઇચ્છાથી ત્યાં નવાઇને ખાતર ખેંચાઇ આવ્યા હતા. સર્વેને માટે—ખાસ કરી ઉછરતા જુવાનો માટે અને ખરી રીતે જોતાં સંસારમાં પડવા લાયક જુવાન છોકરીઓ અને પરણેલી સ્ત્રીઓ માટે પણ એ ખેલ જોવા લાયકજ હતો. શહેરના લગભગ બધા જાણીતા ડૉકટરો પણ ત્યાં હાજર હતા, કારણ તેઓને એ નાટકની બાબત સાથે ખાસ પ્રકારે સંબંધ હતો.

આ 'Damaged goods'ના નાટક વિષે લાંબો સમય આગમજથી કાંઇ કાંઇ વાંચેલું સાંભળેલું હોવાથી આ લખનારે પણ થીએટરના એક ખૂણે પોતાની જગ્યા લીધી હતી. આ ખેલને ગુજરાતીમાં પણ ઉતારવો એ વિચાર તેજ વેળાએ સ્ફૂર્યો.

યુરોપ અમેરિકાની રંગભુમિ પર લાખો માણસોએ "રદ્દી માલ" રસથી જોયો છે. ચાંદી (Syphilis) જેવા એક ભયંકર રોગને લાગુ પાડીને એ

રચાએલો છે છતાં એ એવી તો કળાથી અને સભ્યતાથી લખાએલો છે, વળી એ એવો વિવેક સર ભજવાય છે કે જોવા સાંભળવામાં કશોય વાંધો આવતો નથી. એથી ઉલટું એમાં જાણવા–શીખવા, સમજવા–વિચારવા અને ચોંકવા–ચેતવા જેવું જોનારને ઘણુંયે જડી આવે છે. આખું નાટક બોધદાયક શિખામણો અને ચાનકરૂપી ચીમકીઓથી ભરપુર છે. ભાંડભવાઇ જેવા કચરા નાટકો કરતાં આવા સાદા, સંસારી પણ શિખામણ લેવા લાયક નમુનેદાર નાટકો આપણા જુવાનીઆઓ જુએ તો તે ખુશીજ થવા જેવું છે. એમાં એમને નુકશાન નહીં પણ લાભજ છે.

રદ્દી માલ'ની ઉત્પતિ અને ઇતિહાસ

ફ્રાન્સના પ્રખ્યાત લેખક મશીય બ્રીયોએ "Les Avaries" એટલે કે લલચામણ યાને લાલસા નામે એક ફ્રેન્ચ નાટક લખ્યું. ત્યાં રંગભૂમિ પર લોકોનાં ભારે વખાણ વચ્ચે એ ખેલ ભજવાવા લાગ્યો. પ્રસિદ્ધ અમેરિકન વાર્તાકાર અપટન સીંકલેરે એ ઉપરથી અંગ્રેજી ભાષામાં 'Damaged Goods' નામે વાર્તા લખી. અમેરિકાના પ્રખ્યાત માસિક 'ફીઝીકલ કલચર' (Physical Culture)માં એ કટકે કટકે પ્રગટ થઇ. પાછળથી પુસ્તક રૂપે બાહેર પડી. સને ૧૯૧૧માં ઈંગ્લાંડના સુવિખ્યાત નાટકકાર, 'નોબેલ પ્રાઇઝ' મેળવનાર મિ. બરનાર્ડ શોએ "Les Avaries"નો અનુવાદ કર્યો, એટલે કે તેને પોતાની સ્વતંત્ર રીતે લખ્યો. એના દીબાચામાં નાટકના વિરોધી વિવેચકોની ટીકાનું તથા તહોમતોનું એણે સફળ ખંડન કર્યું.

ટીકાકારો આમ કહેતા કે "ખેલની બાબત ગમે એટલી અગત્યની હોય–હેતુ ગમે એવો વખાણવા યોગ્ય હોય–બોધ ગમે એવો ઉમદા હોય પણ અનીતિને લગતા ગરમીના ગંદા રોગનો એક ઇશારો માત્ર પણ નાટકશાળા જેવી જાહેર જગ્યામાં થવો જોઇતો નથી."

એનો સચોટ રદિયો આપતાં હાલના અંગ્રેજી સાહિત્યના "ગ્રાન્ડ ઓલ્ડ મૅન" સમાન ગણાતા મિ. શોએ દીબાચામાં લખ્યું કે "ફક્ત સાદી સમજનેજ

જો સ્વીકારીએ તો યે સમજાશે કે **જાહેર ભય કાજે જાહેર ચેતવણી** પ્રજાને મળવીજ જોઇએ. એ સિદ્ધાંત પ્રમાણે જાહેર ચેતવણીને વધુ અસરકારક બનાવવા માટે **ચેતવણી આપવાનું સ્થાન પણ જેટલું વધુમાં વધુ જાહેર હોય એટલો લોકોને વિશેષ લાભ."**

"સેનસર" વાળાઓનો વાંધો.

નાટકો પર અંકુશ રાખનારા અંગ્રેજી સત્તાધિકારીઓએ પોતાના મતને વળગી રહી હઠીલા બની વર્ષો સુધી એની સામે અટકાવ મેલ્યો. એ અટકાવની સામે થવા એક લાગવગવાળી સંસ્થા યાને મંડળી ખાસ ઉભી કરવામાં આવી. લાંબા સમયની એની લડતને અંતે 'Les Avaries'નો મિ. જોન પોલકે કીધેલો અનુવાદ સેનસરવાળાઓએ કબુલ રાખ્યો અને ૧૯૧૮ની શરૂઆતમાં લંડનની "સેન્ટ માર્ટીન"ની રંગભૂમિ ઉપર એકવારના હીણાએલો આ "રદ્દી માલ" પૂર ફત્તેહથી ભજવાઇ લોકોમાં વખણાવા પાગ્યો.

આ ખેલ હજારો અને લાખો માણસોએ ફ્રાન્સ, ઇંગ્લાંડ, યુરોપ અને અમેરિકામાં જોયો છે. આજ પણ સંખ્યાબંધ માણસો ફરી ફરી એ જુએ છે. કવિઓએ, વિદ્વાનોએ, લેખકોએ, ફિલ્સુફોએ, ધર્મગુરુઓએ, ડૉકટરોએ, શહેર સુધરાઇ ખાતાના સભાસદોએ, અને દેશદેશના કુળવંતાં શીખેલાં, ભણેલાં, નરનારીઓએ 'રદ્દી માલ' જોઇ એની ભારે પ્રસંશા કરી છે.

આ ઉપરથી સમજાશે કે 'ચાંદી'ના રોગનું નામ સાંભળી નસકોરાં ચઢાવી સુગાઇ ઉઠવાના દિવસો હવે વહી ગયા છે. હવે તો આ જાહેર બદીનો કાતિલ કાંટો ખોટી શરમને બાજુએ રાખી **જાહેર ઉપાયો** વડે ઉખેડી કાઢયેજ છૂટકો. 'જાહેર ઉપાયો' એટલે કે વર્તમાનપત્રો કે માસિકોમા લેખો, વાર્તાઓ, વિવેચન, અને નાટક વગેરે લખીને તથા ભાષણો કરીને જાહેરાત આપવી તે.

વિલાયતનું પ્રખ્યાત માસિક "રિવ્યુ ઑવ રિવ્યુઝ" શું કહે છે?

ઉપલાં પ્રખ્યાત માસિકમાં 'રદ્દી માલ'ની અપક્ષ તપાસ લેવામાં આવી છે. તેમાં ખુલ્લું જણાવ્યું છે કે "હમણાનો મામલો જોતાં ચાંદીના ભયંકર ચેપના આ સૌથી અગત્યના સવાલનો હવે પૂરેપૂરો ઉકેલ થવો જોઇએ છે. દરેક મનુષ્યને તેમજ આખી પ્રજાને એ ભુંડા આજારને લગતા શારીરિક તથા નૈતિક ભય સામે **ખુલ્લે ખુલ્લી ચેતવણી** મળવીજ જોઇએ. આ ઉમદા કાર્ય 'રદ્દી માલ'નું નાટક બહુ સારી રીતે બજાવે છે. લોકો સન્મુખ મુકી ન શકાય એવું કશુંયે અસભ્ય, અસ્વચ્છ, અશ્લીલ એટલે કે ગંદુ એમાં તલભાર પણ નથી. એની બાબત જો કે ભયંકર છે, નાજુક છે, આજકાલના કહેવાતા સુધારા પર એક ચાબુક જેવી છે પણ નાટક—તખ્તાપર એ બાબત સાદાઇથી, ગંભીરાઇથી, તથા પ્રમાણિકતાથી અને દિલનાં ખરા જુસ્સાથી ચર્ચાય છે-ભજવાય છે એની ના પાડી શકાશે નહીં."

ખેલ પહેલાં

નાટક શરૂ થવા પહેલાં પડદો ઉંચકાતાંજ કંપનીનો મેનેજર આવે છે અને તમાશબીનોને કહે છે:—

"ખેલના રચનાર તથા ભજવનાર તરફથી હું આપ બાનુઓને તથા ગૃહસ્થોને જાહેર કરવાની રજા લઉં છું કે 'સિફિલિસ'ના રોગથી પરણેલા સંસાર પર જે અસર થાય છે તે બતાવવાના હેતુથી તમારી સમક્ષ આ ખેલ ધરવામાં આવે છે. એમાં કોઇની નિંદા કરવામાં આવી નથી કે એક પણ અમર્યાદ શબ્દ એમાં વપરાતો નથી. જરા પણ અણગમો ઉપજે એવું એમાં કશુંય નથી. ટુંકમાં કોઇને પણ વાંધો દર્શાવવા જેવું રહેશે નહીં; સિવાય જેઓ આમ માનતા હોય કે મૂર્ખતા અને અજ્ઞાનતા એ ભલી જીંદગી કાજે અગત્યના સદ્દગુણો છે!"

નાટક ટુંકું છે–ત્રણ અંકી છે. એનું વસ્તુ (plot) તદ્દન સાદું છે. બીજા નાટકોમાં વંચાય કે જોવાય એવા રંગ રાગવાળું નાટક વાંચવાની જો કોઇ વાંચક અત્રે ઉમેદ રાખશે તો તે નિરાશ થશે. એમાં નથી પ્યાર કે પિસ્તોલ. નાટક સ્વરૂપે એ જાણે વ્યાખ્યાન (Sermon) છે. 'ચાંદી'ના ચેપથી એક સુખી ઘરનું કેમ સત્યાનાશ વળી જાય છે તેને લગતી નાટક આકારે આ એક વાર્તા છે. આ 'રદ્દી માલ' ખેલ સિનેમાની ફિલ્મ માર્ફત પણ આપણા શહેરમાં જોવાયો છે. જેમ બીજી દેશી કોમોમાં તેમ આપણી પારસી કોમમાં પણ આ મહા ભુંડો આજાર ત્રાસ વર્તાવે છે. સાધારણે લોકોને તેનો ખ્યાલ ન હોય પણ તબીબોને તેની ભયંકરતાની તથા વિશાળતાની બરાબર ખબર છે. આપણા ઘણા ઘણા જુવાનો તથા મોટી વયના માણસો પણ આ ચેપી રોગથી અલગ રહી શકયા નથી. એમાં કાંઇ પણ સહરાગત નથી. દરેક કોમના સંખ્યાબંધ પુરુષોએ પોતાની પ્યારી પરણેતરોને અને તેઓ માર્ફત પોતાના ફૂલ જેવાં પ્યારાં બચ્ચાંઓને પણ એક યા બીજા પ્રકારે આ નખોદિયા રોગનો વારસો આપ્યો છે, એમાં કશો શક નથી.

આ રોજીંદો ત્રાસ આપણા વચ્ચે વર્તે છે; છતાં 'ચાંદી' વગેરે ગરમીના રોગની અગત્ય પુરતી માહિતીથી પણ આપણી કોમ ઘણીજ અજાણ છે. 'રદ્દી માલ'નો ખેલ ઘણી ઘણી પારસી આંખોથી જોવાયો નથીજ. એટલા સારૂં પારસી સ્વરુપે આ અદના કોશેષ–ધાડા અને વિશાળ અંધકારની સામે એક ઝીણી જ્યોત જેવી કોશેષ–અત્રે વાંચકો સન્મુખ શુભ નિષ્ટાથી ધરી છે.

ડૉ. મીનોચ્હેરનો દર્દી

પાત્રો

ડૉ. મીનોચહેર લશ્કરી: ગરમીને લગતા રોગોની હોસ્પીટલનો વડો—હીરા માણેક કુટુંબનો ખાનગી તબીબ અને સલાહકાર

ફેદુન હીરા માણેક: સિફિલીસના રોગનો ભોગ—ખાનદાની જુવાન

શહેરાં: ફેદુનની પત્ની—ભીખાજી પટેલની પુત્રી

મહેરબાનુ: ફેદુનની વિધવા માતા

ભીખુબા પટેલ: શહેરાંનો શ્રીમંત પિતા

લુસી: રોગી ફેદુનના બાળકને ધવાડતી ગોવેગરી નર્સ

શહેરીયાર ઈરાની: 'મલીર વાડી'નો ઇરાની માલેક

કાશી: કામદાર વર્ગના પુરુષની અભાગી પત્ની

એલીસ લવડેલ: કમભાગ્ય એંગ્લો ઇન્ડીઅન છોકરી

ઉપરાંત મદદનીશ ડૉકટર અને અંધ છોકરો

સ્થળ—કરાંચી **સમય—ચાલુ**

ડૉ. મીનોચહેરનો દર્દી

અંક ૧ લો

(**સમય:** સાંજના ચાર પછી.

ડૉ. લશ્કરીના ખાનગી દવાખાનાનો 'કન્સલટીંગ રૂમ'. લાયક ફરનીચર અને જોઇતી સર્વે સામગ્રી સાથની સુંદર પણ સુઘડ સજાવટ બધી જગ્યાએ નજરે પડે છે. ડાબી બાજુના ખૂણે દર્દીઓને તપાસવાના અંદરના ઓરડાનું બંધ બારણું ખોલીને ડૉકટર તથા તેનો દર્દી ગ્રાહક ફ્રેદુન આવે છે. ડૉકટર શરીરે કાંઇક ઉંચા, પાતળા અને દેખાવે માયાળુ પણ મક્કમ વૃતિના જણાય છે. ફ્રેદુન એક અતિ દેખાવડો જુવાન—જુવાનીની નાદાનીને આધિન થઇ ચાંદી (સિફિલીસ)ના ભયંકર રોગનો ભોગ બન્યો છે. એનો ગોરો મુખડો આજે ઝાંખો પડી ગયો છે—ચિંતાતુર દેખાય છે. છાતી થડકે છે. નિરાશા ચહેરાપર છવાએલી દેખાય છે.)

ફ્રેદુન: (બન્ને હાથની લગાર ધ્રૂજતી આંગળીઓ એકેકમાં ભેરવાએલી—કઈક નમેલાં મસ્તક સાથે દયામણી સ્થિતિમાં ગળગળતા અવાજે) ઓ ડૉકટર! હવે મ્હારૂં શું થશે! મને ઘણી ફિકર લાગે છે. આવો ખરાબ રોગ મને થયો—હવે મારૂં નખ્ખોદ વળી જવાનું!

ડૉક્ટર: (લાગણીથી) જા જા, ગાંડો થયોછ! કંઇ નથી થવાનું! એટલો બધો બીહેછ ને ધ્રૂજેછ શાનો?

ફ્રેદુન: (તેવીજ ગભરાએલી ઢબે) શું કરૂં! મ્હારી હાલત મ્હારા એક દોસ્તદારે જાણી. તેણે મને ઘણી ધાસ્તી આપી ને હું તમારી આગળ દોડી આવ્યો.

ડૉ. મીનોચહેરનો દર્દી

ડૉક્ટરઃ (ફ્રેદુનના ખભાપર હાથ મૂકી) નહીં, નહીં. ફ્રેડી! ધાસ્તી ના રાખ. સૌ સારૂં થશે. ધાસ્તી તો ખરાબી થવા આગળજ રાખવી હતી હવે તો હિમત, ઉપાય ને ધીરજની અગત છે.

ફ્રેદુનઃ (લગાર થોભી, એકાએક પોતાનું સર ઉંચું કરી ડૉક્ટરની આંખ સામે હિમ્મતથી જોઇ, ઢીલાં અંગને સીધું બનાવી, ગમગીન અવાજમાં મક્કમતા લાવીને) ડૉક્ટર! તમે મારે વાસ્તે શું ધારતા હશો! ખુદા ખાતર મને બુરો ન સમજતા! હું જાતે ભુંડો નથી. ખરાબ ચાલ ચલગતનો માણસ નથી, પણ.....પણ...એક છોકરી બહારથી મોહક પણ અંદરથી રોગી તેની મોહીનીમાં અણજાણપણે ફસી થોડી પળના જુસ્સામાં મારૂં ભાન ભૂલી હું આય સ્થિતિમાં મૂકાઇ ગયો. (જરા અચકાઇને) અરેરે! મને કેવું ખોટું લાગેછ! આ વાત બહાર જશે તો મ્હારી આબરૂના કાંકરા થઇ જવાના. મને હવે મ્હારી પોતાની પર ધિક્કાર છુટે છ. હું જીંદગીથી ઉખડી ગયો! ડૉક્ટર હું હજુ પણ સાજો થવશ કે? આપધાત કરીને મરી જાઉં; બસ એવું થાય છ!

ડાક્ટરઃ છોકરા! આખી દુનિયામાં શું તુંજ એકલો આ રોગનો ભોગ છે? ત્હારા જેવા તો સેંકડો નહીં પણ હજારો જુવાનિયા એના સપાટામાં ચાલુ આવતા રહે છે. જો સાંભળ! દુનિયાના દરેક મોટાં મોટાં શહેરોમાં—મોજ શોખ રંગ વિલાસના દરેક જાણીતા ધામમાં દર સાત માણસે એક માણસ સિફિલીટીક હોય અને હોયછેજ. એ બધા બહારથી તો બિલકુલ તાજા માજા, સોજ્જા સાજા, નખે રોગ નહીં હોય એવા કુંવર કનૈયા જેવા રૂપાળા દેખાય; પણ અંદરથી જુઓ તો **રદ્દી માલ.** એ સુંદર ને સાફ દેખાતા ઉગતા છોડવાઓની અણદીઠ સડેલી હાલત તો અમો ડૉક્ટરોજ જાણીએ! [અહીં ડૉક્ટરના હોઠ પર મમતાળુ સ્મિત (Smile) ફરકે છે. તેનો દિલસોજ

હાથ જુવાનની પીઠ પર મમતાથી ફરે છે. માયાથી ડોકું ધુણાવતે એ નરમાશથી બોલે છે] ફ્રેદુન ! કોણે કહ્યું કે તું ભુંડો છે? હું જાણું છું તું સારો માણસ છે. આગળ બી સારો માણસ હતો ને હમણા બી છે. (લગાર જોશમાં) હા, સિફિલીસ ભુંડો રોગ છે, પણ એ ભુંડાઓનો રોગ નથી. એ અજ્ઞાનોનો રોગ છે—ભોળાઓનો રોગ છે, નાદાનોનો રોગ છે—અસાવધોનો રોગ છે. અજ્ઞાનતાજ આ રોગનું મૂળ કારણ છે. માણસોનો સૌથી મોટો દુશ્મનજ અજ્ઞાનતા. (અવાજ નરમ કરીને) પણ તેથી તું એટલો બધો બીહે છે શાનો? નિરાશ થવાની ને આશા છોડવાની જરાબી જરૂર નથી. ત્હારૂં દરદ સારૂં થઇ શકે એમ છે. હું ખાત્રી આપું છું કે હું તુંને સારો કરશ. પછી શું?

ફ્રેદુન: (ઉલટ અને ખુશાલીથી) શું કહ્યું ડૉકટર ! તમે મને સારો કરી શકશો ?

ડૉકટર: (લગાર હસીને મક્કમતાથી) હા, કાંય નહીં ? જો તું મ્હારી સારવાર હેઠળ મ્હારા કહ્યા પ્રમાણે ચાલશે તો બેથી ત્રણ વરસમાં તો તું તદ્દન સાજો થઇ જશે; પરફેકટલી ઓલ રાઈટ થઇ જશે.

ફ્રેદુન: (પળ આગમજની એની ઉભરેલી આશા અને આનંદ કળી ફૂટતાંજ કરમાય એમ સમી જાય છે. ચહેરો વધારે ફીકો પડે છે. વધુ ગભરાટ સાથ એની દબાતી છાતીમાંથી રીબાતો ઉદ્ગાર જોશથી નીકળી પડે છે) ઓ ખુદા ! બેથી ત્રણ વરસ ! ડૉકટર, મને પંદર દહાડામાં—મહિના દહાડામાં નહીં સારો કરો ?

ડૉકટર: (લગાર હસી નમ્ર ઠપકો આપતાં) માઇ ડીયર બોય ! તમે જુવાનો કેવા 'એબસર્ડ' છો ! પાંચ મિનિટ પહેલાં તો તું ત્હારો રોગ કદીબી

સારો નહીં થશે એમ માની આપઘાત કરવા નીકળ્યો'તો! હવે જ્યારે હું તુંને ખાત્રી આપું છું કે તું ચોક્કસ સાજો થશે ત્યારે તું એક મહિનામાં ને પંદર દિવસમાં એકદમ સારો થઇ જવા માગે છ! એ તે કંઇ બને?

ફેદુન: (મોઢું વધારે કુમળાવી) ડૉકટર, તમે સમજતા નથી. મહિના એકમાં તો મ્હારા લગન થવાના છે; મેં વચન આપેલું છે.

ડૉકટર: (એકદમ ચમકીને—એની કરુણામાં થોડોક ક્રોધ ભેળાય છે) શું બોલ્યો? પરણવા માગે છ? વચન આપ્યું છ! કંઇ ખ્યાલ છે તું શું બકે છ તેનો? (જોશથી) યંગ મૅન! આય વખત પરણવાનો નથી, પરણવા માટે લાયક થવાનો છે. આય સમય વચન પાળવાનો નથી, વચન મુલતવી રાખવાનો છે. વચન આપ્યું હોય તો ત્હારી મૂર્ખાઇને શ્રાપ આપી, માફી માગી પાછું ખેંચી લે. તેમને થોભી જવા કહે. બે વરસ કાઢી નાખવામાં ગયું શું?

ફેદુન: (કકળતા સાદે) ડૉકટર, તમે મ્હારી મુશ્કેલી સમજતા નથી!

ડૉકટર: (તુરંજ ઝડપથી) ને શેઠીઆ તમો તમારી સ્થિતિ સમજતા નથી!

ફેદુન: (લગાર જોશમાં) અરે પણ ડૉકટર, હું હમણા કેવા સકંજામાં છેઉં તે તો જરા સાંભળો!

ડૉકટર: ને મહેરબાન! તમારૂં ભવિષ્ય કેવું શીહા છે તે તો જરા વિચારો!

ફેદુન: (લાચાર ઢબે) શું વિચારૂં! મારાથી થોભાય એમ નથી બધું નક્કી થઈ ગયું છે. મ્હારાં માયજી ને છોકરીના બાવા હવે મુદ્દલ થોભવા

માગતા નથી. મારાં મમાને ઘણી હોંસ છે ને સૌથી મોટી મુશ્કેલી તો આય છે–છે–છે કે........

ડૉકટર: બોલ, બોલ અચકાયછ શાનો?

ફ્રેદુન: વાત એમ છે કે જેની સાથ મ્હારૂં નક્કી થએલું છે તે જો હમણાં નહીં પરણે તો પોતાની કાકીનો મોટો વારસો ગુમાવી બેસે એમ છે. વાસ્તે ડૉકટર, થોભવું તો ઇમપોસીબલ છે.

ડૉકટર: (કચવાઇ ઉઠે છે) તો એક મહિનામાં સારા થવું એ એનાથી બી ઇમપોસીબલ છે. 'ફૂલ'! મૂર્ખ, તુંને છોકરી વારસો ગુમાવી બેસે તેની ચિન્તા છે, પણ મને તું છોકરીને કોઇ બીજો વારસો નહીં આપી બેસે તેની ચિન્તા છે. જરા વિચાર રાખીને તો બોલ!

ફ્રેદુન: (નિરાશાથી) અરે ડૉકટર! આવે વખતે મદદ કરવાને બદલે તમે મ્હારી મુશ્કેલીમાં વધારો કરોછ! જુઓ કંઇ બી કરો, ગમે તેટલો પૈસો ખરચવાને હું તૈયાર છું, પણ મને મહિના દહાડામાં સારો કરો. જો આય લગનની વાત હમણાં અટકશે, તો પૈસા, પોઝીશન, ને મ્હારૂં ભવિષ્ય જરૂર બગડશે, ને મને મોટી ફીકર તો રખેને હું તે છોકરી ગુમાવી બેસું તેની છે. ઓ ડૉકટર! હું એને ચાહુંછ અને છોકરી બી મને ઘણાજ પ્યારથી ચાહે છે!

ડૉકટર: (કડવું હસીને ગુસ્સામાં) મૂર્ખ પોરીયા! આવા ગંભીર કટોકટ વખતે 'ચાહ' અને 'પ્યાર'ના કવખતના ન છાજતા બોલો સાંભળીને મને કમકમાં છુટે છ! અફસોસ, ફ્રેડી! ત્હારું તન તો રોગી બનેલું છે પણ તે સાથે ત્હારૂં મન બી રોગી બની ગયું છે. ગાંડા! લગન ને પ્રેમની તે કંઇ હમણા વાત હોય? જો ફ્રેદુન! હું તુંને સાફ કહી રાખુંછ કે કોઇ છોકરીને ચાહવા છતાં જો તું હમણા તેને પરણે તો હું એને **પ્યાર** નહીં પણ

"મતલબી પાગલપણું" કહું–તો હું એને **લગન** નહીં પણ **"ધોળે દિવસે જખ્ખુન ખુન"**જ ગણું! સમજ્યો હવે?

ફ્રેદુન: (શરમથી માથું ખોળામાં બન્ને હથેલીઓ વચ્ચે મુકી દે છે. વચમાં બે પળ શાન્તિ પછી સર ઉંચું કરી જાણે કોઇએ એની ચાબુકથી ઝાટકણી કાઢી નાખી હોય એમ શોકભર લગાર હાંફતો અચકાતો) વારૂ...... વારૂ......ત્યારે હમણા નહીં તો છ મહિને બાર મહિને પણ હું સારો થવસની? એટલું બી તમારેથી નહીં બને?

ડૉક્ટર: (ગંભીર સ્વરે) ખુદાથી બી નહીં બને! **કમમાં કમ બે વરસનાં** ચાલુ 'ટ્રીટમેન્ટ' પછીજ નક્કી કરી શકાશે કે ત્હારા લોહીમાંથી સદંતર રોગ ગયો છે કે નહીં? રોગી મહીનાઓ સુધી દવા ખાય, ઇન્જેક્શન મૂકાવે બધું કરે, બહારથી તમામ સારો થઇ ગયેલો દેખાય, ઉપરથી દરદ જરા બી નહીં દેખાય, છતાં રોગના જંતુઓ તો લોહીમાં રહી ગએલાં હોયજ, એવું એ હઠીલું દરદ છે–છોકરા!

ફ્રેદુન: (કચવાએલા સાદે) ઓ, ત્યારે તમારૂં મેડીકલ સાયન્સ શું કાંમનું?

ડૉક્ટર: (કટાક્ષથી) બાપુ! અમારૂં મેડીકલ સાયન્સ કંઇ સાધુ વૈદના ચમત્કાર નથી! ગએલી જુવાની એક રાતમાંજ આવે ને ચાંદી જેવા ભયંકર રોગો સાત દિવસમાં સારા કરી નાખે એવા ઊંટ વૈદો, નીમ હકીમો ને હિમાલયી મહાત્માઓ તમને બજારમાં ઘણા બી મળશે! ત્યાં જાઓ!

ફ્રેદુન: (ઉશ્કેરાયેલા ટેકમાં) ડૉક્ટર, જો તમે ફરજ નહીં પાડો તો મને બીજે કથે જવાની ઇચ્છા નથી.

ડૉક્ટર: (દયાથી હસીને) ભાઇ! ડૉક્ટરો ફરજ પાડતા નથી પણ ફરજ બજાવે છે. મ્હારી એકજ ફરજ તે મ્હારા પૈસાદાર કે ગરીબ ગ્રાહકને તબીયતે

સુખી જોવાની! (કંઇક જોશમાં) નાદાન છોકરા! જો તું મારી સલાહ વિરૂદ્ધ હમણા પરણશે તો હું તુંને એક **'ગુન્હેગાર' 'એ ક્રીમીનલ'**—ગણીશ. બેવકુફ! તું પરણશે, મોત કરતાં માઠી આફત તારી જુવાન સ્ત્રી પર લાવશે; તું સંસારી થશે, ત્હારો ચેપ તું ત્હારી બૈરીને આપશે.

ફ્રેડુન: (છેડાયેલો હોય તેમ) હા, હા, બધુંજ થઇ જવાનું! શું તમે તદ્દન ખાતરીથી કહો છો કે મહિના એકમાં હું પરણી જાઉં તો મ્હારો રોગ મ્હારી બૈરીને જરૂર લાગુ પડશે?

ડૉક્ટર: કાંય નહીં? (વિવેચન કરતી ઢબમાં) ચાંદીનો ચેપ સંબંધમાં આવનાર એક માણસમાંથી બીજાને લાગુ પડી જાય એ વાત તદ્દન બનવા જોગ છે. એકજ રીતે નહીં પણ ઘણી ઘણી રીતે એ ગંદો રોગ એક દેહમાંથી બીજી કાયામાં દાખલ થાય છે. દાખલા તરીકે બાહેરથી બીલકુલ સાફ પણ અંદરથી એવા કોઇ રોગીની એક ચુમ્મી, તેનાં કપડાં કે રુમાલ કે ટુવાલનો જરાક 'ટચ,' તેનું પીધેલું પાણી કે અડકેલું ગલાસ કે તેના હાથથી બનાવેલી એક પાનની પટી પણ વખતે એ રોગને એક શરીરથી બીજે શરીરે પહોંચાડી આપે છે. એવા દાખલા અમે સંખ્યાબંધ બનેલા જાણીએ છીએ. દરરોજ જોઇએ છીએ. (સહેજ થોભીને ગંભીર ગુસ્સામાં) જો ફ્રેડી, હું તુંને સાફ કહી રાખું છું કે ભડભડ બળતી આગમાં લગનના રંગ હોય નહીં. પહેલાં તો કોઇ નો—રે, પોતાનાજ સંસારી સાથીનો ભવ બગાડવાનો તુંને હકજ શું છે? વળી જે ખૂબસુરત છોકરીને તું એની જુવાની ને સુંદરતાને ખાતર ત્હારી બનાવવા માગે છે, તે **ત્હારી સાથ** પરણ્યા પછી તેવી ને તેવીજ નહીં રહેશે એટલું યાદ રાખજે. ત્હારા લોહીનું ઝેર એની જુવાનીના અને ખુબસુરતીના ઝરાને જોત જોતામાં સુકવી નાખશે, ને પછી એનો કરમાએલો ચહેરો, કંતાએલી દેહ અને બદલાએલો અવતાર જોઇ તું પોતે પોતાનેજ ધિક્કારશે—શ્રાપ આપશે.

ઐરી ઉપરાંત ત્હારે ત્યાં અવતરનારાં ત્હારાં પોતાનાંજ ફુલ બચ્ચાંની હયાતી, તનદોરસ્તી તથા સુખનો તું ખરેખરો ખુની દુષ્ટ પાપી ગણાશે તે તો જુદો! (ડૉકટરની આ ભયાનક ભવિષ્યવાણી સાંભળતાંજ ફ્રેદુનના અંગમાંથી ભયની એક ઠંડી ધ્રૂજારી પસાર થાય છે. કમકમી કપાળે હાથ દઇ તે પોતાની ખુરસીપર ઢબ્બ દઇને બેસી જાય છે. ડૉકટર ટેબલ પરથી એક સત્તાધારી વૈદક ગ્રંથ ઉંચકી, ખોલી, પાના ફેરવી એક અમુક પાનું કાઢી વાંચી સંભળાવે છે.)

સાંભળ ફ્રેદુન! વીસ સિફિલીટીક પુરુષો પરણ્યા. એ વીસમાંથી પાંચને ત્યાં એક બી છોકરૂં નહીં થયું ને જે પંદર જનને ત્યાં અઠ્ઠાવીસ છોકરાં અવતર્યાં તેમાંથી પચીસ મુએલાં જન્મ્યાં કે જન્મ્યાં બાદ થોડાજ કલાક કે દિવસમાં મરણ પામ્યાં. બાકીનાં જે ત્રણ અભાગિયાં આ સંસારમા જીવવાને સર્જાયાં તેમાંનું એક તદ્દન આંધળુ–બીજું બેહદ ખરાબ જાતની ખુજલી યાને ચામડીનાં દરદનું ભોગ બનેલું ને ત્રીજું આપણને જોતાંજ દયા આવે એવું દબાએલું ચવાએલું સાવ નબળું કંગાળ ને કાહેલી જીવ્યા કીધું (વાંચવું બંધ કરે છે. કંઇક થોભી ઘણા માયાળુ આગ્રહથી, ફ્રેદુનનો બરડો પસવારીને) બાપુ! મ્હારું માન, જીદ્દ છોડ ને હું કહું છું તેમ કર! જે છોકરી તુંને બેહદ ચાહે છે તેની આગળ જઇ તેને બધી ખરી વાત કહી દે. એ ત્હારે ખાતર જરૂર બે વરસ થોભી જશે.

ફ્રેદુન: (ચમકીને મોટા અવાજે) શું? મ્હારૂં ખાનગી પાપ જાહેર કરી દેઉં? ને તે બી મ્હારી ભવિષ્યની બૈરીને? મ્હારે હાથે મારી નાલેશી થવા દેઉં? મારાં પાપની જાહેર ખબર આપું?

ડૉકટર: (શાન્તિથી) ફ્રેદુન! વળી પાછો તેં ત્હારા મોહડામાંથી **"પાપ"** એવો બોલ કાઢયો? ફ્રેડી, તેં કોઇ સાથે મળીને કંઇ પાપ નથી કીધું.–તેં

કોઇની અડફટમાં આવી ફક્ત ઠોકર ખાધી છે. 'પાપ' અને 'પાપી' એ શબ્દો કોઇને બોલી સંભળાવવા માટે નથી—જાતે સમજીને તોલ કરવા માટે છે. તું નકામો ગભરાય છે. એ છોકરી ત્હારી હાલત જાણતાં ત્હારી સાથે મળીને કામ કરશે. પહેલાં દિલગીર થશે. પણ પછી તુંને દિલાસો આપશે, તુંને સંભાળી લેશે—સારા થવામાં તુંને મદદ કરશે, કારણ ત્હારાજ બોલોમાં કહું તો એ તુંને બેહદ પ્યારથી ચાહેછે. છોકરા! ચાહતી છોકરી શું નહીં કરે?

ફ્રેદુન: (તકરારી ઢબે) પણ-પણ ધારો કે મ્હારા કમનસીબે મારૂં સાંભળ્યા બાદ એ નહીં સમજે, મને ધુતકારે, ધિક્કારે, ફરી બેસે, હાંકી કાઢે સંબંધ તોડી નાખે તો?

ડૉકટર: હું નહીં ધારતો. છતાં તું ધારેછે તેવું થાય તો એ બધું **પરણ્યા પછી** થાય તેના કરતાં **પરણ્યા પહેલાં** થાય એ વધારે સારું. સારું ખુદ ત્હારા માટે, તેને માટે અને ત્હારાં વહાલાંઓ માટે! એમાંથી જે કંઇ ઓછું ખરાબ હોય તે તારે પસંદ રાખવુંજ જોઇશે, ફ્રેડી!.

ફ્રેદુન: (ઉશ્કેરાએલો—આંખમાં આંસુ સાથે) જોવ ડૉકટર! આય વખતે મને સંભાળી લેવ, ઉગારો—બચાવો. શું તમને મ્હારી દયા નથી આવતી?

ડૉકટર: દયા આવે છે તેથી તો તુંને ના પાડી. ફ્રેદુન, મને લાગેછે કે તુંને તારી ઉપરજ દયા નથી; નહીં તો તું આવી હઠ નહીં કરે.

ફ્રેદુન: (છેલ્લી હદ પર આવી જઇ) બસ ત્યારે તમારો એજ જવાબ?

ડૉકટર: (ગંભીર મક્કમતાથી) હા—જી!

ફ્રેદુન: વેલ, એમજ છે તો પછી હું બીજે કેથે જવશ. ગામમાં ઘણાબી ડૉકટર પડેલા છે.

ડૉકટર: (લગાર હસીને) ઓ યસ, પણ જે કોઇ **ખરેખર ડૉકટર હશે,** તો તે પણ સલાહ તો તુંને મારા જેવીજ આપશે!

ફ્રેદુન (ઠસ્સામાં) જોઇશું, ગુડબાય ડૉકટર!

ડૉકટર: (દયા ભરી ટકોરથી જરાક નમીને) **ગુડ-ડે-સર!**

(પડદો પડે છે.)

અંક ૨ જો

(પહેલા અંક બાદ અઢાર માસ પછી એક આનંદી સવાર. દેખાવ:—ફ્રેદુન હીરા માણેકના બાપીકા મકાનનું દિવાનખાનું. એક છેડે પહોળી કાચ–બારી જેમાંથી મકાન બહારની વાડીનો થોડો ભાગ દેખાય છે. બીજે છેડે એક ન્હાનું દ્વાર. બારી તથા બારણા પર કોતરેલી ઝાલરવાળા કીરમજી પડદા ઝુલે છે. વચમાં ગોળ ટેબલ જેના પર રૂપેરી પાત્રમાં ફુલ–પાન કળાથી ગોઠવેલાં શોભે છે. એક ખુણે ન્હાની લેખન મેજ જેના પર ખડીઆ, કલમ, બે ત્રણ પુસ્તકો ઇત્યાદી પડેલાં દેખાય છે. એક બાજુએ 'પીએનો,' બીજી જગ્યાએ સોફા, ખુરસીઓ અને જુદી જુદી ઢબની આરામ ખુરસીઓ વગેરે દિવાનખાનાને શોભાવતું ફરનીચર સફાઇથી ગોઠવેલું નજરે પડે છે.

આ અઢાર માસ દરમિયાન કુંવારો ફ્રેદુન પરણીને પાર પડી ગયો છે! એને એક બાળક પુત્ર પણ થયો છે. તેને ધવાડવા એક તનદોરસ્ત દેખાવડી નર્સ મોટા પગારે રોકી છે. નર્સ ભલી અને સુદ્ધા સ્વભાવની છે પણ કારણ મળતાં એકદમ ફટાંઉ બની જઇ મોઢા પર આવી જાય એવી છે.

પોતાના સુપ્રસિદ્ધ કાબેલ કુટુંબી ડૉકટરની કીમતી સલાહને ઠોકરે મારી કોઇ બજારૂ ઊંટ વૈદનો હાથ ધરી એકાદ બે માસ તેની દવાદારૂ કરી તેની પુર રજાથી ફ્રેદુન હવે પરણીને ગૃહસ્થી બન્યો છે. એના ગુપ્ત ગંદા રોગથી સર્વે કોઇ અજાણ છે. પોતાની બધી મુશ્કેલી ટળી ગઇ છે, પોતે અને પોતાના વહાલાંઓ રોગ મુક્ત છે એવી ખાતરીમાં એ નચિંત છે–ખુશ ખુશાલ છે. કુટુંબ સહિત એના દિવસો સુખી જાય છે.

ડૉ. મીનોચહેરનો દર્દી

આ સહવારે ફ્રેદુન બન્ને હાથ પાટલુનના ખીસામાં ઘાલી સીપટીમાં એક જાણીતો રાગ લલકારતો દીવાનખાનામાં ધીમાં આંટા મારે છે. 'રૉકીંગ ચેર' પર અઢેલી હીંચ લેતી તેની જુવાન પત્ની શહેરાં એક નવલકથા વાંચી રહી છે. વાંચતે વાંચતે થોડી થોડી વાર ચોપડી આંખ આગળથી બાજુએ ખસેડી એ પ્રેમભીની આંખે સોહામણા પતિના આનંદી મુખડાને નીરખવાની મોજ લીએ છે. સીપટી વગાડવાનો આનંદ ઉમંગ પૂરતો ન હોય તેમ ફ્રેદુન વચવચમાં પ્રેમવશ બની શહેરાંની બેઠક પાછળ જઈ ગુપચુપ ઝડપી ચુંબનથી તેનાં વાંચનમાં દખલ લાવે છે. એવી એક ચોરેલી ચુમ્મી પછી વાંચવાનું બાજુએ મૂકી શહેરાં પોતાના પતિને લાડથી પૂછે છે.)

શહેરાં: ફ્રે! આજે કંઈ અજબ લહેરમાં છે?

ફ્રેદુન: (સ્મિત [Smile] કરતે તેના તરફ પ્રેમથી જોઈ) તું પાસે છે ની!

શહેરાં: વારૂં એક વાત પૂછું?

ફ્રેદુન: એકની બે પૂછ!

શહેરાં: વચમાં કંઈ ફીકરમંદ રહેતા એ શું હતું!

ફ્રેદુન: (સહેજ ચમકી છુપાવેલા ગભરાટથી) કયારે?

શહેરાં: પરણ્યા અગાઉ.

ફ્રેદુન: (નફરાઈનું ડોળ ધારણ કરી) હોય માણસ છે–સંસાર છે–ખુશી ગમીની ઋતુઓ ચાલ્યાજ કરે!

શહેરાં: (પતિની આંખ સામે કંઈક વિચારવંત મમતાથી જોઈ) ફ્રેડ! ખુશી–ગમીની ઋતુ ઉપરાંત એક બીજી ઋતુની આપણને સૌથી વધારે જરૂર છે!

ફ્રેદુન: તે કઇ?

શાહેરાં: ધણી ધણીઆણી વચ્ચેના **વિશ્વાસની ઋત!**

ફ્રેદુન: (ખોટું હસીને) એમ? તું બી ઘણું મજેનું બોલી જાણે છ!

શાહેરાં: વાત ના ઉડાવ ફ્રેડી! ત્હારી કોઇબી વાત મ્હારથી છુપી હોવી જોઇએ નહીં. (પ્રેમથી) કેહ, દિલગીર કાંય રહેતો'તો?

ફ્રેદુન: એ તો ભૂતકાળની વાત-જવા દે ની!

શાહેરાં: ભૂતકાળ પણ તમારોજ કે ની? એના પડછાયા કદાચ ભવિષ્યમાં લંબાય તો? તેથી સહેજ પૂછુંછ.

ફ્રેદુન: (બાજુએ) પુઠે વળગી છ! કંઇબી કરી એના મનનું સમાધાન કરવું જોઇએ. (ગભરાટ છુપાવી બનાવટી ખુશ મીજાજથી મોટેથી) જો ની ડીઅર! એતો પેલા હિન્દુઓ કહે તેમ હું લગાર ડરી ગયો હતો!

શાહેરાં: (અજાયબીથી) કાંય? કોણથી?

ફ્રેદુન: (હસીને) કોઇ એકના ડરાવ્યાથી.

શાહેરાં: કોઇ કોણ?

ફ્રેદુન: એક ડૉકટર; એને એમજ ધખારો કે મને 'હાર્ટ ડીઝીઝ' થયુંછ–ને વાતમાં કંઇ દમ નહીં મળે!

શાહેરાં: (શંકાશીલ) ફ્રેડી! ધખારો દર્દીને હોય–ડૉકટરને નહીં.

ફ્રેદુન: (ખોટું હસીને) હેં–હેં–હેં! કલેજા! ત્યારે તું કંઇ જાણતીજ નથી. કચ કંઇ ડૉકટરો પોત પોતાના માનીતા ધખારા ધરાવે છ ને નકામાં

દર્દીઓને ગંભીર ડાંચા બનાવીને (જાતે ગંભીર ડાચું બનાવીને) ગભરાવી ધ્રૂજાવી મારેછ!

શાહેરાં: પણ એ ડૉકટર કોણ હતો?

ફ્રેદુન: એ આપણા ઘેરનોજ હતો.

શાહેરાં: ફ્રૂડી! એ તું શું બોલેછ! હોસે–પણ ત્યારે એ 'હાર્ટ ડીઝીઝ' નહીં હતું?

ફ્રેદુન: નહીંસતો. પણ એક બીજા ડૉકટરે પળકારામાં ખરી પરખ કીધી.

શાહેરાં: શું પારખ્યું?

ફ્રેદુન: (હસીને) હેં–હેં–હેં! **ફકત બદહજમી!** એને લીધે પેટમાં પવનનું જોર–એનું દબાણ લાગે 'હાર્ટને–હાર્ટ' એથી કંઇક દુ:ખે–તેને આય ઘરના ડૉકટરે માની લીધું 'હાર્ટ ડીઝીઝ'!

શાહેરાં: અજબ જેવું! તમારા બપાવાના વખતનો પુરાણો ડૉકટર–આવો કાબેલ ને અનુભવી–ડીઝીઝ ડાયગનાઇઝ કરવામાં તો ઘણા હોશિયાર ગણાયછ–તેવણ એટલી સાદી વાત પારખી નહીં શકયા? એ તું શું કહેછ ફ્રૂડી–ઘણુંજ અજબ જેવું!

ફ્રેદુન: એમાં અજબ જેવું શું છે? હું કાંઇ ના કહુંછ કે ડૉકટર હોશિયાર નહીં! પણ કોઇ વાર ભલો તરનારો પણ ભૂલ કરે!

શાહેરાં: વારૂં, આય વાત પહેલેથીજ મને કાંય નહીં કહી? છુપાવ્યું કાંય?

અંક ૨ જો

ફ્રેદુન: (લગાર કચવાતો હોય તેમ) છુપાવવાની કહાં વાત છે જે ડીઅર! હું તો નકામો ગભરાયો, તુંને બી સાથે ગભરાઉં? તુને ચિન્તારોગી બનાવવાનું મ્હારૂં દિલજ નહીં ચાલ્યું.

શહેરાં: (પાસે આવી પતિનો ગાલ પસવારી) ચાલો, વહી ગયું ડીઅર! પણ હવે તો કંઇ ફીકર જેવું નથી ની?

ફ્રેદુન: (શહેરાંના બન્ને હાથ પોતાના હાથમાં પકડીને) ઓ નો! નોટ એટૉલ શીરૂ!

શહેરાં: (કૈંક પળ થોભી) ફ્રૂડ!

ફ્રેદુન: (ચમકી) શું?

શહેરાં: ખુદા જાણે કેમ બી તે મને ખરાબ ભવિષ્યની ફીકર લાગે છ!

ફ્રેદુન: છટ છટ. વહેમજ તો! મ્હારી શીરૂ! યાદ રાખ કે ખરાબ ભવિષની ફીકર કરતાં પણ ફીકરનું ભવિષ વધારે ખરાબ હોય છે!

(અંદરથી બાળકના રડવાનો અવાજ આવે છે.)

શહેરાં: ફ્રૂડી બેબી જાગી ઉઠયું છ—હું જવસ—તમે આવોછ?

ફ્રેદુન: નહીં આજે તો કૈં એવું થાય છ કે જાણે સીપટી વગાડયાજ કરૂં—ગાયાજ કરૂં—જન્મારા ભરનું આય થોડી મિનિટોમાં બસ ગાઇ લેઉં!

શહેરાં: (લાડથી) ઓ માઇ જૉલી ઓલ્ડ બૉય!

(ફ્રૂડીને ચુમ્મી લઇ મલકાતે મુખડે અંદર જાય છે. ફ્રેદુન સીપટી વગાડવી પાછી શરૂ કરે છે. મહેરબાનુ આવે છે.)

ડૉ. મીનોચહેરનો દર્દી

મહેરબાનુ : શું જો ફ્રેડી–માથું ખાઇ ચાલ્યો! બચ્ચાંની માફક આખો વખત સીપટી વગારીયાજ કરશે?

ફ્રેદુન : વગારૂં તે સારૂંની, મમા?

મહેરબાનુ : હા, પણ આજે મને કંઇ ગમતું નથી.

ફ્રેદુન : કાંય શું છે?

મહેરબાનુ : એબીને કોઇ ગંભીર બીમારી લાગુ પડી હોય એમ લાગે છ.

ફ્રેદુન : (ગભરાટમાં) ગંભીર બીમારી? શાની?

મહેરબાનુ : આખે ડીલે અને ચહેરા ઉપર કંઇ નહીં સમજ પડે તેવા ડાઘ ડાઘ ફુટી નીકળ્યા છ. ઘણું ખરાબ દેખાય છ.

ફ્રેદુન : અરે! એ તો સહીયર કે ગોવરૂં હોસે. હમણા એની ઋતજ ચાલે છ.

મહેરબાનુ : (ચિન્તાતુર અવાજે) નહીં–નહીં; એ ડાઘજ જુદા. મ્હારાં હસતાં રમતાં બચ્ચાંને એ શું થયું હોસે?

ફ્રેદુન : પણ મમા, ડૉકટરને–બોલાવીને 'કનસલ્ટ' કરોની?

મહેરબાનુ : હા, માણસ મોકલ્યુ છ–ડૉકટર બોય આવતા હોસે.

ફ્રેદુન : કોણને બોલાવ્યો છ?

મહેરબાનુ : કોણ ને વરી શું? ઘેરનાજ ડૉકટર ને તો.

(ફ્રેદુન લગાર જીવ ફરી આવ્યો હોય એમ સોફા પર બેસી જાય છે. મહેરબાનુ જાય છે. ડૉ. મીનોચહેર આવે છે. ફ્રેદુન કાંઇક ગભરાયલો ઉઠી ઉભો થઇ ડૉકટર ભણી 'શેક હેન્ડ'નો હાથ લંબાવે છે.)

અંક ૨ જો

ડૉકટર: (વળતી શેક હેન્ડ આપતાં કટાક્ષમાંજ) સાહેબજી, ફ્રેડી! હીયર વી આર અગેન! કોણ બીમાર છે? તું–કે કોઇ બીજું? તબીયતતો ઠીક છે ની?

ફ્રેદુન: (ચિન્તાતુર) બેબીને કંઇ ડાઘ ફૂટી નીકળ્યા છ!

ડૉકટર: ઉં–ઉં–ઉં! ડાઘ? (સહેજ થોભીને) આપણે ઇચ્છીશું ફ્રેડી કે એ ડાઘ ત્હારી જીદ્દી મૂર્ખાઇના નહીં હોય!

ફ્રેદુન: (દિલગીર સાદે) ઓ ખુદા! જો એમ હોસે તો મ્હારૂં શું થશે?

ડૉકટર: જેમ બે ને બેનો સરવાળો ચાર થાય તેમ મૂર્ખાઇ સાથે જીદ્દનો સરવાળો નાશજ થાય.

ફ્રેદુન: (માફી ચાહતો હોય તેમ) ડૉકટર, તમારૂં નહીં માનવા માટે ઘણોજ દિલગીર છું!

ડૉકટર: (સાચી દિલગીરીથી) બાપુ! તુંને કેટલું સમજાવ્યું પણ તેં માન્યું નહીં! કોણને ત્યાં જઇ આયો?

ફ્રેદુન: ગામમાં મીઠાઘર પર એક વૈદ છે તેને ત્યાં.

ડૉકટર: તેનું નામ?

ફ્રેદુન: વૈદરાજ બાબુ મનીમોહન ઇંદ્રવદન -કલકતાવાલા.

ડૉકટર: (ખેદ અને કટાક્ષથી) બરાબર છે! એ કલકત્તાવાલા મનીમોહન ઇંદ્રવદને ત્હારો આટો લસનજ બધો કરી નાખ્યો! હવે માથે હાથ દઇને રડ઼ા!

ડૉ. મીનોચહેરનો દર્દી

ફ્રેદુન : શું કરૂં ડૉકટર! **'પ્રજા પોકાર'**માં આખું પાનું ભરી મોટી જાહેર ખબર વાંચી હું દોરવાયો–લોભાયો. તેમાં જણાવેલું કે "ગોનોરીયા" ને 'સિફિલીસ'નો અમારી પાસે **'પરમનન્ટ'** ને **'ઈમીજીયેટ કયોર'** છે. હું જીદ્દ અને લાલચનો માર્યો વાંચતા સાથે ત્યાં દોડી ગયો. તેણે મને તપાસી **ખાત્રી** આપી કે પંદર દહાડામાં તો લોહીમાંથી બધાં **'જરમ્સ'** નીકળી જઇ હું તદ્દન સારો થઇ જવસ.

ડૉકટર : (કચવાઇ) કપાળ એના બાપનું! એ કમબખત, ઠગારા બજારુ વૈદો ને હકીમોને ત્યાંથી પહેલાં છેતરાઇ ઠગાઇને–હેરાન થઇને સેંકડો ત્હારા જેવા દર્દીઓ રડતા હાલે મારી પાસે પાછલથી આવેલા છે; પણ તું તો મ્હારે ત્યાં આવેલો એ નીમ હકીમની પાસે ગયો! ત્હારી કેળવણીને શીખેલાંને એબ લગાડી! ફ્રેદુન! પંદર દહાડા તો શું પણ પંદર મહિનામાંબી ગોનોરીયા કે સિફિલીસના જંતુઓ લોહીમાંથી તદ્દન નીકળી જઇ શકેજ નહીં. એ વાતજ 'ઇમ્પોસીબલ' છે. પંદર દહાડાની સારવારથી બાહરથી બધી ખરાબ અસર ચાલી ગએલી દેખાય પણ અંદર 'જરમ્સ' રહી ગયેલાં તે ફક્ત લોહીમાંજ નહીં પણ આપણાં શરીરની બધી 'સીસટમ' માં–બધાં સ્નાયુઓમાં ચાલી જઇ ત્યાં ભરાઇને તે ભાગને મોડે વહેલે દર્દી બનાવ્યા વગર રહેજ નહીં (લગાર થોભીને) ગાંડા રે! 'પરમનન્ટ કયોર' એટલે તું શુ સમજેછ? પરમનન્ટ કયોર એટલે કંઇ નહીં તો નાખી દેતાં ત્રણ ત્રણ મહિનાનાં ટ્રીટમેન્ટના પાંચ તબક્કા–વચવચમાં વળી ટ્રીટમેન્ટ વગરના ગાલા જાય–એમ કરતાં બે વરસ લાગી જાય–જવાંજ જોઇએ.

ફ્રેદુન : (ઘણીજ દિલગીરીથી) અરે ડાકટર! હવે મ્હારૂં ને મ્હારાં બૈરી બચ્ચાનું શું થશે? (જરા અચકાઇને) મ્હારા પર એક 'ફેવર' કરશો? (અવાજ ધીમો કરીને) જો એવું કંઇ બી હોય તો મ્હારી બૈરીથી છુપાવજો!

અંક ૨ જો

ડૉક્ટર: (નમ્ર ઠપકાથી) વખતસર ખારકુવો સાફ નહીં કરવા દીધો, હવે પાણી ગંધાઇ આવ્યા પછી છુપાવવાની વાત કરેછ! તમે જુવાનો છોજ એવા. અનુભવ્યા વગર કોઇનું કહેવું માનો શા ના? પણ હવે તો મ્હારૂં માનશે ની? (જરા થોભી) જા બનતાં સુધી એ વાત ત્હારી બૈરીને નહીં કહેવસ, પણ ત્હારાં મમાને તો એકાંતમાં કહેવુંજ પડશે.

(ડૉક્ટર અંદર જાય છે. ફ્રેદુન નીચે મસ્તકે શોકાતુર બેસી રહે છે. પછી ઉઠીને ચિન્તા તથા અધીરાઇથી દિવાનખાનામાં આમથી તેમ ફેરા મારે છે–વચવચમાં એકલો બોલી ઉઠે છે.)

ફ્રેદુન: ઓ ખુદા! કોઇનેબી આ ગંદો અને ઠગારો રોગ કદિ ન હોજો!

(બે ત્રણ આંટા મારી ફરી થોભીને)

અને બજારુ ઊંટ વૈદનો સમાગમ તો કોઇ દુશ્મનને પણ નહીં હોજો!

(ચાલવા માંડે છે. થોભીને)

મારા જેવા લાખ્ખો નાદાન જુવાનોનું સત્યાનાશ વાળતી આ ઠગ શેતાનોની લાંબી લાંબી જાહેર ખબરોને પણ આગ લાગજો! એ જાહેર ખબર છાપનારા ધન–લોભી છાપાવાળાઓનું તે ખુદા શું ભલું કરસે!

(ડૉક્ટર અને મહેરબાનુ આવે છે.)

મહેરબાનુ: (ગુસ્સામાં ફ્રેદુનને ઠપકો આપતાં) કમબખત છોકરા! આય તને શું સુઝયું! ત્હારૂં ને ત્હારાં વહાલાંઓનું નખ્ખોદ વારી નાખ્યું! પાપી તો થયો તે સાથે ગમારબી થયો? રોગ લાગો તો પછી ડૉક્ટરનું માન્યું

કાંય નહીં? જો, હવે ત્હારાં કર્તુક! ત્હારા ગલીચ રોગનું ભોગ ત્હારૂં બાળકજ બન્યું! કેવે સારે ઘેરની પરી જેવી છોકરીનો પણ તેં ભવ બગાડયો—તેને પણ રોગી બનાવી! શરમ છે તુંને! ધિક્કાર છે તુંને! તું મ્હારા પેટે પત્થર કાંય નહીં અવતર્યો!

ફ્રેદુન: (રડતા અવાજે) બસ કરો—મમા! બસ કરો! આય નથી સંભળાતું! ઓ હું મરી કાંય નહીં ગયો! આતું સાંભળવા કરતાં મૉત શું ખરાબ છે!

મહેરબાનુ: મરવાની વાત કરે છ? બૈરી—બચ્ચાંને જીવતાં માર્યાં તેનું શું? (અંદર આંગળી કરી) ત્હારા પર મરી ફીટતી નિર્દોષ છોકરીના પાક પ્યારનો તેં આવો બદલો આપ્યો? ને પોતાની ફુલ—કળીને ઉગતાંજ ચૂંથી મારી?

(નર્સ લુસી આવે છે—પણ કાંઇ નવું જુનું થએલું છે એમ જોતાં સ્તબ્ધ બની કોઇ ન જુએ એમ ગુપચુપ બાજુએ ઉભી રહે છે.)

ડૉકટર: મહેરબાનુ! મને માફ કરજો; પણ તમે તમારાં વહાલાંઓના વિચારમાં એક પરાયાં માણસની સલામતીનો ખ્યાલ તો વીસરીજ જાવો છ!

મહેરબાનુ અને ફ્રેદુન: (બન્ને સાથે બોલી ઉઠે છે) તે કોણ?

ડૉક્ટર: (દમામભર્યા મોટા સાદે) **નર્સ**! જેના દૂધ પર તમારું બાળક જીવે છ **તે**! એની જીંદગી જોખમમાં છે—તેનો કંઇ વિચાર કીધો? બાળકનો ચેપ એને પણ ઉડસે, યા અત્યાર આગમજ ઉડયો બી હોય. નર્સને બાળક ધવાડતી એકદમ અટકાવો. બેબીને ડબ્બાનું દૂધ આપો.

અંક ૨ જો

મ્હેરબાનુ: (ગભરાટમાં પણ મક્કમતાથી) એ નહીં બને ડૉકટર! બેબી બાટલીના દૂધ પર જીવી શકશે નહીં. શું બચ્ચાંને મારી નાખવું છે?

ડૉકટર: (ગુસ્સામાં) ત્યારે નર્સ બાપડી મરે? જીવતી રીએ એમ?

મ્હેરબાનુ: (બનાવટી શાન્તિ ધારણ કરી પટામણા સાદે) મીનોચહેર બાવા! ડૉકટર, તમે ફિકર ના રાખો. અમે નર્સને સમજાવી લઇશું. એનો પગાર વધારી આપીશું. એને કંઇ થશે તો મોટી રકમનો સારો બદલો બી આપીશું.

ડૉકટર: (બાજુએ) અરેરે! પૈસાદારોનાં કેટલાં બધાં પાપ આ બદલાની બેમાલુમ કબરમાં ડટાયાં હશે!

(નર્સ જાણે કંઇ જાણતી ન હોય—અંદરથી આવતી હોય એમ જાહેર થાય છે)

નર્સ: (ડૉકટર તરફ જોઇને) ડાકટર સાહેબ! શહેરબાનુ કંઇ પૂછવાનું ભૂલી ગયાં છે તે તમોને અંદર બોલાવે છે.

(ડૉકટર જવા માંડે છે. ફ્રેદુન તેમને જતાં જતાં બાજુએથી હળવેથી કહે છે.)

ફ્રેદુન: જો જો ડૉકટર! શહેરાંને એક બોલ નહીં ખબર પડે.

ડૉકટર: (હળવેથી) હમણાં નહીં બોલસ પણ ખુદ લ્હારા રોગે બોલવા માંડયું છે—ત્રણ ત્રણ ખૂણેથી બોલવા માંડયું છે એટલે આજે નહીં તો કાલેબી મને મ્હારી ફરજ તો બજાવવીજ પડશે.

(ડૉકટર જાય છે. નર્સ પણ જવા માંડે છે. તેને **મહેરબાનુ** થોભાવે છે.)

મહેરબાનુ: (મીઠા અવાજે) લુસી! તું **અમારાં** બચ્ચાંને એક માયનીજ માફક સંભાલેછ તે જોઇને અમે ઘણાજ ખુશી છૈએ. ત્હારી મહેનત ને ત્હારી લાયકી તે અમારાથી કંઇ ભૂલાય? આજથી ત્હારો **પગાર** અમે બમણો કીધો છ ને જ્યારે તું નોકરી છોડે ત્યારે ૧૦૦૦ રૂપિયા તુંને ભેટ આપીશું તે જૂદા!

નર્સ: (બનાવટી શાન્તિ ધારણ કરીને) મોટો ઉપકાર બાઇ સાહેબ! **મ્હારી** લાયકી તે કેવી? આખર કરે પણ હું એક લાચાર નોકરડી! એટલે **તમારી** લાયકી તો **વધીજ** જાય-**તેની તો વાતજ નહીં થાય!** તમારી આય બધી મ્હારા પર એકાએક મહેરબાની જોઇ હું-ખરૂં કહેતું છ-બાઇ **સાહેબ** કે હું બધી ગભરાઇ ગઇ છ!

મહેરબાનુ: એટલું બધું તે તુંને શું આપી દીધું લુસી! **૧૦૦૦** રુપરડીથી બી તું વધારે લાયક છે. (વધારે સમજાવટ ભર્યા સાદે) **જોનો,** એબીને કંઇ બીમારી થઇ છ-એટલે ત્હારી મહેનત વધસે-તેથી આય ગોઠવણ કીધી છ.

નર્સ: બચ્ચું છે-બીમાર બી પરે; પણ **એ** બીમારી કોઇ **મ્હારી** બેદરકારી કે ગફલતથી તો નહીંજ હોસે તે ખાત્રીથી માનજો.

મહેરબાનુ: જો ની લુસી! બીમારીનો **ઉપાય** તો ડૉકટર **કરશે.** ત્હારે ફકત બીમાર બાળકને અમે કહીએ ત્યાંસુધી નર્સ કર્યા જવાનું છે; ને તેમ કરતાં કદાચ જો તુંને કંઇ થયું તો પછી તું નોકરી છોડે ત્યારે ૧૦૦૦ રૂપિયા અમે આપીશું તે તુંને પુરતા થઇ પડશે.

અંક ૨ જો

(અહીં ફ્રેદુન માતાના કાનપર પડી અમુક સલાહ આપે છે. તે પ્રમાણે મહેરબાનુ નર્સને જણાવે છે.)

મહેરબાનુ: પણ નર્સ, ત્હારે અમને એટલું જરાક લખી આપવું પરસે કે બેબીને ધવારતાં ખુદા નહીં કરે ને તુંને કંઇ થાય તો તું અમારી સામે કોર્ટમાં જઇ ફ્રરિયાદ નહીંજ માંડશે.

(લુસી કશો જવાબ દેતી નથી–તેમ વળી કશો વાંધો પણ ઉઠાવતી નથી. કંઇ પણ નામરજી દેખાડયા વિના ડોકું હલાવતે હલાવતે એ ત્યાંથી ચાલી જાય છે. દીકરો અને માતા એમજ સમજે છે કે પૈસાની લાલચે નર્સ માની ગઇ છે. ડૉકટર આવે છે.)

મહેરબાનુ: (ઉમંગથી–ડૉકટરને) ડૉકટર! નર્સે કબુલ કીધું છ કે બેબીને ધવારવાનો એને વાંધો નથી. કારણ મલશે તોબી ફ્રરિયાદ કરશે નહીં ને એ મુજબ લખી આપવાને બી એ નારાજ જણાતી નથી.

ડૉકટર: (ખેદ પુર્વક–ખભાં ચઢાવીને) ભલે, લખાવી લેવ! પણ એ ઇચ્છે તો એને કોર્ટમાં જતાં કોઇ અટકાવી શકસે નહીં. લાલચ આપી મોહડું બંધ કરાવવાની વાત બહાર આવતાં ઉલટાં તમે મુશ્કેલીમાં આવી પડશો. ઉપરથી બે આબરૂ થશો તે જુદાં. કોર્ટમાં જઇ મોટો દંડ ભરવો પડશે.

મહેરબાનુ: (હિમ્મત લાવીને સહેજ દમથી) તે તો જોવાનું છે. અમારો વકીલ કાયદાની બારીકી લાવી અમુને બચાવી શકશે. નર્સ બહારથી ચેપ લાવી છ અને બાળકને તે લાગુ પર્યો છ એવી દલીલ લાવી શકાશે. અમે કહીશું કે બાલકથી નર્સને નહીં પણ નર્સથી બેબીને રોગ લાગુ પડેલો છે.

ડૉ. મીનોચહેરનો દર્દી

ડૉક્ટર: (કચવાઇને–કટાક્ષથી) મહેરબાનુ ! માણસમાં ચાલાકી હોય એ સારૂં, પણ તેની ચાલાકીમાં માણસાઇ બી હોવી જોઇએ. શાને વાસ્તે તમારે એવાં જુઠાં–સાચ્ચાં કરવાં ? હું તમને તે કરવા દેવસ નહીં. નર્સને હું પોતે બધું ખુલ્લે ખુલ્લુ કહી દેવસ.

મહેરબાનુ: (નરમ પડી જઇ–લગભગ રડી દેતાં) ઓ ડૉક્ટર જોવ–સમજો, દયા કરો. અમુને બચાવો–એબીને બચાવો! નર્સને અમો મોટી રકમ આપાશું–તેનું બીજી રીતે ઘણું ભલું કરીશું.

ડૉક્ટર: (ગંભીર જોશથી) તનદોરસ્તી આગળ પૈસો શું ચીજ છે? બાનુ! અમારે મનથી પૈસાદારનું બાળક અને તેને ધવાડતી ગરીબ નોકરડી એ બેઉ એકજ સરખાં છે. યાદ રાખો, તમને તમારા પૈસા વડે કોઇની તનદોરસ્તી ખરીદવાનો–કહો કે બગાડવાનો જરાબી હક નથી.

મહેરબાનુ: પણ નર્સ પોતે ખુશીથી કબુલ કરતી હોય તો ?

ડૉક્ટર: (ગંભીર સ્વરે) તો પછી મ્હારા પવિત્ર અને માનવંત ધંધાની રૂએ અમો ડૉકટરોને સરકારી કાયદાની કલમ પ્રમાણે જે ફરજ બજાવવાની છે તે હું બજાવસ. તેને આધારે હું તમને અને નર્સને ઇન્સાફની અદાલત સુધી લઇ જઇ શકસ.

(મહેરબાનુ આ સાંભળી ગભરાટમાં સોફા પર પછડાઇ પડે છે. ફ્રેદુન તેમને શાંત કરવા દોડી જાય છે. પણ તેઓ તેને હાથના હડસેલાથી ધિક્કાર સમેત દૂર કરે છે. ડૉકટર ખેદભર ધીમે પગલે જાય છે. નર્સ રોષભર દાખલ થાય છે. તેના ચહેરા પર ગુસ્સાનો ચિલ્લો ચઢેલો છે. અસ્થિરતાથી હીલતી ડોલતીજ ઉભી રહે છે.)

અંક ૨ જો

મહેરબાનુ: (સોફા પરથી ઉઠી ઉભાં થઇ) કેમ, લુસી શું છે?

નર્સ: (ટકોરમાં નમીને) રજા લેઉંછ, બાઇ સાહેબ!

મહેરબાનુ: (ફિકર તથા અજાયબીથી) રજા? કાંય?

નર્સ: (દમથીજ) નોકરી છોડું છ—મ્હારા ૧૦૦૦ રૂપિયા આપી દેવ!

મહેરબાનુ: કાંય? નોકરી કાંય છોડે છ?

નર્સ: (ભરમમાં) હું વિચારમાં પરી છ!

મહેરબાનુ: શાનો વિચાર?

નર્સ: બધી વાતનો!

મહેરબાનુ: પણ છે શું? મરે—કંઇ ખુલ્લું બોલસે?

નર્સ: (ભરમમાં) ખુલ્લું નહીં બોલવાનો અપરાધ તમારે માથે! મ્હારે માથે નહીં!

(અત્રે શહેરાં બારણા પાસે કોઇની નજરે નહીં પડે તેમ આવી અચકી ગુપ ચુપ થોભી બધું સાંભળે છે.)

ફ્રેદુન: (રોફમાં) ત્હારાથી બેબીને છોડીને નહીં જવાસે.

નર્સ: (દમથી) અલબત્ત જવસ. મને મ્હારા ૧૦૦૦ રૂપિયા આપો!

ફ્રેદુન: હા તે આપવાના, પણ હમણાં નહી; નોકરી છોડે ત્યારેજ.

નર્સ: પણ હું હમણાજ નોકરી છોડી જાઉં છ ની! લાવો, મ્હારા ૧૦૦૦ રૂપિયા!

ફ્રેદુન: પણ નોકરી છોડવાનું કંઇ કારણ?

નર્સ: (ફ્રેદુનની સામે ખુલ્લી આંગળી બતાવી- ક્રુર હાસ્ય સાથે) કારણ મ્હારી નજર સામેજ ઉભેલું છે. ફ્રેદુનજી શેઠ! જો એ કારણ તમુને નહીં દેખાતું હોય તો જરા આરસી આગળ જઇને પોતાનેજ જોઇ લેવ–સમજ્યા?

ફ્રેદુન: (ફિકકો પડે છે પણ સાવધતા ધારણ કરી ગુસ્સાથી તપી જઇ) આય શું બેઅદબી! લુચ્ચી–ચોર–ઠગારી! દમ ભરાવી અમારી પાસેથી પૈસા કહડાવવા આવીછ! શરમ નથી આવતી?

નર્સ: (ગુસ્સાથી ફાટી જઇને) હું ચોર ને લુચ્ચી ત્યારે તું કોણ? હવસી–બદમાસ–ઠગારા–ખુની હૈયાફુટા હેવાન! ત્હારી પોતાની બૈરીનું–ત્હારાં ફુલ બચ્ચાંનું ને સાથે મારૂં પણ નખ્ખોદ વાળ્યું–છતાં ઉપરથી દમ કસેછ? ડોળ ઘાલેછ? મને ગાર આપેછ? શું તું એમ સમજેછ કે ત્હારા આય ગલીચ, છુપા, ખરાબ રોગની વાત હું શું જાણતીજ નથી? મેં બધું સાંભલ્યું છ.

ફ્રેદુન: ચૂઉઉઉપ, મુંગા બેસ, એક બોલ ત્હારો હવે મને વધારે નથી સાંભળવો. હવે મ્હારે તુંને રાખવીજ નથી–ચલાવ નીકળ મારા ઘેરમાંથી!

નર્સ: હા. આય ત્હારાં ઘેરમાંથી–**રોગી દોજખમાંથી** જવા હું પોતે અબઘડી તૈયાર છું. પણ પહેલ્લાં ૧૦૦૦ રૂપિયા તોલી દે!

ફ્રેદુન: એક પૈ નહીં મલશે! નીકલ અહીંથી, નહીં તો ધક્કા મરાવીને બાહર કાહડસ. આઉટ યુ ગો!

અંક ૨ જો

(શહેરાં બધાંની અજાયબી વચ્ચે એકાએક જાહેર થાય છે. તેના ચહેરા પર મૉતના જેવી ગંભીરાઇ ફરી વળી છે.)

શહેરાં: ને મિસ્ટર ફ્રેદુન! આ ગરીબ નિર્દોષ આયાની સાથે હું બી તમારા ઘરમાંથી બહાર નીકલું છ! ખબરદાર! જો એને કોઇએ આંગલી લગાડી છ તો!

ફ્રેદુન: (દુ:ખ અને અજાયબીથી) કોણ-શહેરાં?

શહેરાં: હા, હું અભાગણી શહેરાં! એ આફત! ગજબ! એ હું મૂઇ—જીવતી મૂઇ-થઇ ચૂકયું!

(આમ બોલી એક કારમી ચીસ પાડતે શહેરાં ઉભે મસ્તક જમીન પર પછડાઇ પડે છે, ફ્રેદુન તેને પકડી લેવા દોડે છે. શહેરાં હાથ આડો કરી તેને અટકાવે છે.)

શહેરાં: નહીં.....નહીં.....મને અડકતો ના! ઝેરી સાપ અડકવો ભલો પણ તું નહીં! જા—જા—ચાલી જા એ ઠગ ખુની!

(બેશુદ્ધ થાય છે. નર્સ તેને પોતાના ખોળામાં લઇ લે છે. ફ્રેદુન અને તેની માતા સ્તબ્ધ બની જોઇ રહે છે.)

(પડદો પડે છે)

અંક ૩ જો

(દેખાવ: ગરમીના રોગોને લગતી ખાસ હોસ્પીટલમાં ડૉ. લશ્કરીનો ' કનસલટેશન રૂમ.' સમય: સાંજના ચાર પછી.

ગયા અંકમાં બનેલા કરુણ પ્રસંગ પછી પતિના ભૂંડા રોગનો ભોગ થયેલી શહેરાં પોતાના દર્દી બાળક સહિત, વીસ વર્ષની ભર જુવાનીમાં સાસરવાસ તજી પોતાના પિતા ભીખુબા પટેલને ત્યાં આવી રહેલી છે. ભીખુબા પટેલ ' રીટાયર ' થયેલા અતિ શ્રિમંત બુઝોર્ગ વેપારી છે. એ ભલા, અમીર દિલના પણ સ્વભાવના આકળા છે. પડદો ઉંચકાતાંજ તેઓ આગ આગ થઇ રહેલા ગુસ્સામાંજ ડૉકટરના ' રૂમ 'માં દાખલ થાય છે. ડૉકટર ગેરહાજર છે. ઓરડામાં કોઇ નથી.)

ભીખુબા: (ગુસ્સામા મોટેથી—લાંબી લાંબી ફલંગે ઓરડામાં ફેરા મારતે) કાંહ છે મીનોચહેર? કાંહ છે ડૉકટર? પેલા હેવાનનું પાપ જાણવા છતાં મને ચેતવ્યો નહીં—શરમ છે! એવણની પણ ખબર હમણાં હું લઇ નાંખુછ! (લગાર થોભી) અરે! એ કોણ—મ્હારો જમઇ કે જમ? મ્હારી નિર્દોષ છોકરીનું નખ્ખોદ વાળી નાંખ્યું! હવે હું એને છોડવાનો નથી. એનું ખુન કરસ—એનું લોહી પીવસ! એવા રોગી કુક્કરોને તો 'શૂટ' કરીએ તો બી પા......

(એટલામાં ડૉકટર પ્રવેશે છે.)

અંક ૩ જો

ડૉકટર: (શેકહેન્ડ કરતે ટકોરમાં) ઓ હો હો, ભીખાજી શેઠ! **તમે** છેવ કે! આપ જાણતા હશો કે આવી જાતની ગરમીને માટે આય હોસ્પીટલ બનાવી નથી!

ભીખુબા: (ખીજવાટમાં) ને ગલીચ કુક્કરોનું પાપ છૂપાવવા માટે ડૉકટરો બી બનાવવામાં આવતા નથી, એટલું હું જાણું છ.

ડૉકટર: ભીખાજી! હું સમજું છ—તમે તમારા જમાઈ માટે બોલો છ, પણ એમાં મ્હારો વાંક નથી. એ ભલા માણસને ચેતવવામાં—સમજાવવામાં ઠપકો આપવામાં ને છેવટ એની માયને પણ બે બોલ કહેવામાં મેં કશું બાકી રાખ્યું નથી. તમારા જમઇએ જો મ્હારૂં કહેવું પહેલાથી માન્યું હતે તો બધું સારૂં થતે!

ભીખુબા: (ઉશકેરાઇને) પણ વારૂં—તમે સીધા મ્હારી આગળ કાંય નહી આયા? જેવું તમે જાણ્યું તેવીજ કાંય નહીં મને ખબર કીધી?

ડૉકટર: ધીરે—ધીરે, ભીખાજી બા—જરા શાન્ત થાઓ! મને સાંભળો. તમારા જમઇને......

ભીખુબા: (ખીજવાઇને) જમઇ ના કહો—ફ્રરદુન કહો! ગમે તો ગલીચ કુક્કર કહો—પાપી શેતાન કહો—લફંગો બદમાશ કહો—પણ જમઇ ના કહો.

ડૉકટર: જુઓ, ફ્રેદુનને રોગ તો લાગુ પડી ચૂકેલો હતો. આમારો ધરમ રોગીને તારવાનો—મરેલાને મારવાનો નહીં. ફ્રેદી ભલો છોકરો છે. મને મ્હારા દીકરા જેવોજ વહાલો છે. એનો રોગબી સારો થાય ને તમારી છોકરી સાથે એનો સંબંધ બી કાયમ રહે એ મ્હારી પાક ઉમેદ! પણ જો તમારી આગળ હું આવતે તો એ મ્હારો હેતુ પાર પડતે નહીં. તમે મ્હારૂં

સમજતેજ નહીં—મને સાંભળતેજ નહીં. એની સાથનો સંબંધ તેજ ઘડીએ તોડી નાંખતે.

ભીખુબા : તો **હવે** કાંઇ સંબંધ રહ્યો ?

ડાકટર: (દિલાસો આપતે) સંબંધ રહેશે—સૌ સારૂં થશે—બગડેલી બાજી હજુબી સુધરશે.

ભીખુબા : (ઉશ્કેરાઇ) ખબરદાર, હવે **સંબંધનું** નામ ના લેતા ! એનું નખ્ખોદ જાય—મ્હારી ભરજુવાન દીકરીનું સત્યાનાશ વારી નાખ્યું—કુમલું બાલક જન્મથીજ રોગી થયું ! હવે સંબંધ નહીં પણ ઇન્સાફ—અને તેબી ખૂનથીજ. જો ખુન નહીં કરવા જેટલો હું હિચકારો બનું તો પછી હું કોર્ટમાં જવસ, ને તેટલા માટે તમારે મને એ કુક્કર રોગી છે એવી "સર્ટીફીકેટ" લખી આપવી પડસે—સમજ્યા ?

ડૉકટર: ઠીઇઇક ! પણ કોર્ટે જવામાં ફાયદો શું ?

ભીખુબા : (તપી જઇને) ફાયદો "બી ડેમ્ડ" ! ફાયદો બાયદો હું કંઇ સમજતો નથી. મ્હારી દીકરી તો મ્હારા ઘેરમાંજ છે પણ કાયદાની અને દુનિયાની નજરમાંબી એ મિસિસ હીરા માણેક લેખે ઓળખાતી સદંતર બંધ પડે એમ થવુંજ જોઇસે

ડૉકટર: (ખભાં ચઢાવી) હા, ભલે કોર્ટમાં જાવો—આખી આલમને ઢોલ વગાડી જાહેર કરો કે તમારા જમાઇ મારફતે તમારી દીકરીને આય ને આય જાતનું ખરાબ દરદ લાગુ પડયું છ !

ભીખુબા : ભલે લોકો જાણે ! આઇ ડોન્ટ કેર ફૉર ઇટ !

ડૉકટર : ધીરે સાહેબ ધીરે! એ ત્રણ વરસ પછી તમારી શહેરાં આય મ્હારા હાથે સારી થશે એટલું નક્કી માનજો. તમે ‘ડાઇવોર્સ’ લેવાડશો પછી બી છોકરીને પાછી પરણાવશો તો ખરા ની? તો પછી અત્યારે આય ઢેડફજેતો ગામમાં ફેલાતાં કયો બીજો માણસ ખુશીથી શહેરાંનો હાથ ધરવા તૈયાર થશે?

ભીખુબા : મ્હારે એને પાછી પરણાવવીજ નથી.

ડૉકટર : એ તો એમ બોલાય! પણ જ્યારે કંઇક વખત પછી દીકરી પાછી સારી થઇ જશે ત્યારે ઘેર આંગણે તેને બેસાડી રાખી આખો દહાડો તેને જોયા કરવાનું તમને પાલવશે? તમારી જુવાન દીકરીને સદા એકલવાયું જીવન ગમશે કે?

ભીખુબા : (ગુસ્સામાં આવી જઇ–દાંત કચકચાવીને) આહાહાહા! જાણે એવું થાય છ કે બસ હમણાજ એ બદમાશને જઇને ગોલી મારૂં! ડૉકટર, જો કોઇ દહાડો એ મ્હારી નજરે પડશે તો હું જરૂર એને ‘શૂટ’ કરસ– એનું ખૂન કરસ!

ડૉકટર : ખૂન કરસો તો ફાંસીએ જસો–દેશનિકાલ થશો. ભીખાજી શેઠ! ભુલી ના જાવ કે હજુ એ તમારી દીકરીનો ભર્થાર છે. તમારી દીકરીના દીકરાનો બાપ છે. શું બાપને મારીને એ નિર્દોષ બચ્ચાંને વાસ્તે તમે એક દુઃખી ઇતિહાસ પાછળ રાખી જવા માંગો છ?

ભીખુબા : (ઉશકેરાઇ જઇ) બસ ડૉકટર! વધારે બોલતા ના! ‘ડાઇવોર્સ’ સિવાય કોઇ બાજી વાત હું સાંભળવાનો નથી. એ બદમાસને સજા થવીજ જોઇએ.

ડૉકટર : ઠીક છે, ભીખાજી શેઠ, આપણે એ સજા ફજાની વાત જવા દઇશું. (સહેજ થોભી) વારૂ એક સીધો સવાલ તમો સાહેબને પૂછવાની મને રજા છે?

ભીખુબા : બોલો, શું પૂછવા માંગો છ?

ડૉકટર : તમારી જીંદગીમાં–ખાસ કરીને જુવાનીમાં કંઇબી ખોટું કામ તમોએ કીધું નથી?

ભીખુબા : (સહેજ અચકાઇ) હા, મારાથી પાપ થયાં હશે, પણ કોઇ ખરાબ 'ડીઝીઝ' લાવી મેં બીજાઓને તેના ભોગ બનાવ્યા નથી.

ડૉકટર : કબુલ કીધું કે તમને એવો કોઇ રોગ લાગુ પડયોજ નહીં; પણ જ્યાં તમને લાગુ પડે એવી સ્થિતિમાં અને એવી જગ્યાએ તમે કોઇ દહાડો ગયા હતા કે નહીં? જે હોય તે ખરો જવાબ આપજો.

ભીખુબા : (નીચું મોઢું કરી ધીમા અવાજે) ડૉકટર, તમોએ ઘણું અંગત પૂછ્યું. એનો જવાબ હું 'ના' કહીને આપી શકું એમ નથી.

ડૉકટર : ત્યારે જુઓ, ભીખાજી શેઠ! જે રસ્તે છટકું પડેલું હોય તે રસ્તે પગલાંતો ઘણાનાં પડે–ફેર એટલો કે કોઇ નસીબ સંજોગે છટકે ને કોઇ ફસે. પણ એટલા ઉપરથી છટકેલાએ ફસેલાને ફાંસીએ ચઢાવવો–દુઃખીને પૂરો દુઃખી કરવો, તેને સંસારમાં ફરી સુખી થવાની તકજ નહીં આપવી એ શું વાજબી છે? (લગાર થોભીને ગંભીરાઇથી) ભીખાજી બા! આય બધી મહોકાણ અજ્ઞાનતાની છે. ચાંદી વગેરે એવા રોગોના ફેલાવાનું કારણ અમુક જંતુઓ નહીં પણ અમુક અજ્ઞાનતા છે. તમારો ભલો ગ્રહસ્થ જમાઇ પણ

એ અજ્ઞાનતાનોજ ભોગ! એવા નિર્દોષ ભોગ મેં સંખ્યાબંધ જોયા છે. તેઓના અજ્ઞાનની મેં તેમને ખાત્રી આપી છે—થોડીક તમને બી એની ખાત્રી આપી દેઉં.

(ડૉકટર ટેબલ પરની ઘંટડી વગાડે છે. મદદનીશ ડૉકટર દાખલ ાય છે.)

ડૉકટર: ડૉ. કેશવપ્રસાદ! પેલો જે "સ્ટુડન્ટ" જુવાન પાંચેક દહાડા થયા આપણી હોસ્પીટલમાં દાખલ થયેલો છે તેનો બાપ અહીં હાજર છે કે?

મદદનીશ ડૉકટર: હા, અંદર પોતાના દીકરા સાથે વાત કરે છે—બોલાઉં?

ડૉકટર: થેંક્યુ, જરા બોલાવજોની. મને કંઇ કામ છે.

(મદદનીશ ડૉકટર જાય છે. મલીરવાડીનો માલેક શહેરીયાર ઇરાની આવે છે. ચહેરા પર દિલગીરીનો પ્રગટ છાપ છે. કમ્મરમાંથી કાંઇક વાંકો વળી ગયેલો એ અઢાર વયનો અસલી વિચારનો ભોળો ખેતીકાર અને બાગબાન ઇરાની ધીમે પગલે પ્રવેશે છે.)

ડૉકટર: આવો મિ. ઇરાની! બેસો અહીં. (ખુરસી આપે છે) જો તમને અડચણ નહીં હોય તો આ બુઝોર્ગ શેઠ ભીખાજીને તમારા દીકરાની વાત કહેશો! એવણ કંઇ જાણવા નથી માગતા—પણ **શીખવા** માગે છે ને તેથીજ તમુને તસ્દી આપી છે. બોલો—અચકાતા ના.

શાહેરીયાર ઇરાની: (બેઠક લેતાં) શાને વાસ્તે અચકાઉં? આવી વાતમાં અચકઇ અચકઇને તો આપણે આપણું અને આપણા વહાલાંઓનું

નખ્ખોદ વાળી ગયો છે. અનુભવ થયો ત્યારે આજે એ પાઠ શીખ્યો. મારી અજ્ઞાનતા અને મ્હારી હઠનું જ ફળ હવે હું અને મ્હારો દીકરો ભોગવીએ છે.

ભીખુબા: તે કેમ?

શહેરીયાર ઈરાની: (ગંભીર સ્વરે) ભીખાજી શેઠ! સૌ કોઈ જાણે છે કે હું એક અભણ ખેતીકાર છું. બાગમાની જાણું એટલુંજ—પણ પેટે જણ્યા બચ્ચાંઓનો બાગ કેમ ખીલતો ને આબાદ રાખવો તે મારા જેવો એ ચોપડી શીખેલો ઇરાની શું જાણે?

ડૉક્ટર: (વચમાં બોલી ઉઠે છે) મિ. ઇરાની, તમારી વાત જવા દેવ, આપણાં ભલભલાં શીખેલાં ભણેલાં પારસી માબાપો—લગભગ ૮૦ ટકા જેટલાં—પોતાનાં જુવાન બચ્ચાંઓની આ સંભાળ માટે સદંતર અજ્ઞાન અને અફસોસ-કારક હદ સુધી બેદરકાર છે. (સહેજ થોભી) પછી મિ. ઇરાની?

શહેરીયાર ઈરાની: શું બોલું સાહેબ! આખી જીંદગી ઘસી નાખી હાથે જાતે મજુરની માફક વહીતરૂં કરીને દોલત એકઠી કીધી. એટલાજ વાસ્તે કે એક પૂરા દીકરાને ઉંચી કેળવણી આપું મ્હારો છોકરો શીખવામાં ઘણો હોશિયાર. કેવો કદાવર અને પિલ્લતન જેવો મ્હારો દીકરો! મેં એને ખેતી-વાડીનો હુન્નર શીખવવા પૂનાની 'એગ્રીકલચર' કોલેજમાં મોકલ્યો. બધી સગવડ અને બધાં સાધન આપી મોકલ્યો પણ જે એક **સમજ** આપવી જોઇતી હતી તેજ નહીં અપાઇ!

ભીખુબા: કઇ **સમજ**?

શહેરીયાર ઈરાની: પૂના મુંબઇની જે રૂપાલી વનવાગલીઓ નાદાન જુવાનોના પૈસા અને લોહી એ બેઉ ચૂસી લે છે તેને લગતી **સમજ**.

ભીખુબા: તે કોણે તમને અટકાવ્યા? સમજ કાંય નહીં આપી?

શહેરીયાર ઇરાની: અરે પણ જે વાતથી હું પોતે અજાણ–જેનો મને પોતાને ખ્યાલ કે સમજજ નહીં તે દીકરાને કાંહથી કેહું? એ પૂને ગયા પછી મ્હારા એક શહેરી દોસ્તદારે મને સલાહ આપી કે કાગજ લખીને ગ્હારે મ્હારા દીકરાને ચેતવવો. તેણે મને બધી સમજ આપી છતાં મેં તેનું નહીં માન્યું.

ભીખુબા: સબબ?

શહેરીયાર ઇરાની: મ્હારા મનમાં એમ કે સોલ સત્તર વર્ષના એક નિર્દોષ છોકરાને જાણી જોઇ શું કામ ખબર આપવી કે આ કે તે જગ્યાએ આવી કે તેવી ખરાબ વસ્તુ મળે છ. હાથે કરીને તેના નિર્દોષ અજાણ મગજમાં એવા વિચાર ભરવા મને ગમ્યા નહીં. અરેરે સાહેબ! મને તે વખતે કંઇજ ખબર નહીં કે માબાપને **અનીતિના જોખમો** કરતાં પણ **નિર્દોષતાના જોખમોથી** વધારે સંભાળવાનું છે.

ભીખુબા: ને હવે?

શહેરીયાર ઇરાની: હવે–હવે તો બગડેલી બાજી સુધારી લેવી એજ! ડૉકટર સાહેબ એને સારો કરશે એવી ઉમેદ તો છે. હાલને કાજ તો છોકરાને ઉંચી કેળવણી લેવા મોકલ્યો તે પર પાણી ફરી વળ્યું છ. કેળવણીને બદલે એ રોગ લાયો–સાથે પત્થર જેવી તબીયત ને જોર ગુમાવી આયો. વળી મારો કેટલો બધો પૈસો શીકારી ચંચળાઓની સંગતમાં એકાદ બે વરસની રમતમાંજ ગુમાવી આયો તે જુદું. એની માયને એનો ઘણો ગમ લાગો છ. મ્હારી જીંદગીના દસ બાર વરસો જાણે કપઇ ગયાં–મ્હારી બધી આશા ઉમેદના ચૂરા થયા છ, પણ હવે હું **નિર્દોષતાની જોખમદારી** સમજ્યો છ! (કંઇક થોભી

દિલગીર સાદે) ચાલો સાહેબો, હવે હું રજા લેવસ. વખતસર બે બોલ ઉધરતાં બચ્ચાંને નહીં બોલવા માટે આટલી મોટી કિમ્મત આપવી પડે છ એ શીખવાનું બાકી હતું તે શીખ્યો. મ્હારા દાખલા ઉપરથી બીજાં માબાપો બી શીખામણ લે તો મને સંતોષ થશે. સાહેબજી!

ભીખુબા અને ડૉક્ટર: સાહેબજી.

(શહેરીયાર ઇરાની જાય છે. ડૉકટર અને ભીખુબા દયાથી તેને જોઇ રહે છે.)

ડૉકટર: ભીખાજી શેઠ! હવે હું એક કમનસીબ દુઃખી ઓરતને બોલાવું છું. એનો વર અગાઉ મિલમાં કામદાર હતો. હાલ ખાટલે પડેલો છે. એ લગાર જુનો 'કેસ' છે, પણ મ્હારી સારવાર હેઠળ ફક્ત છ મહિના થયાજ આયો છ. એ ઓરતને પાંચ છ વરસનો એક દીકરો બી છે. તમારી નજરે પાડવા માટે અને તમને કંઈ નવું જાણવાનું મળે તેથી એને બોલાવું છ. (ઘંટડી વગાડી–મોટેથી) મી. કેશવપ્રસાદ! પેલી કાશીબાઇને જરા અહીં આવવા કહેજો.

(એકાદ બે પળમાં કાશી દાખલ થાય છે. એનો ચહેરો ભર્થારથી મળેલા "ગોનોરીયા" (પરમો)ના રોગને લીધે કદરૂપો થઇ ગયો છે. એની આગલી ખૂબસુરતી હવે રહી નથી. એ પોતાની સાથે પોતાના છ વર્ષના તદ્દન અંધ પણ મોહક ચહેરાવાળા પુત્રને દોરવતી ધીમે ધીમે આવે છે.)

ભીખુબા: (અજાયેબી અને દુઃખથી) અરરરર! આય શું? બાપડી કેવી "ડિસફિગર" થઇ ગઇ છ! ને આય ફિરેશ્તા જેવુ બાળક તો આંધળુ જણાય છ! કુદરતનો કેવો ગજબ!

અંક ૩ જો

ડૉકટર : કુદરતનો નહીં, કમસમજનો ગજબ કહો! (સ્ત્રીને) બાઇ, આવ, ત્હારો વર કેમ છે?

કાશી : કેમ શું—સાહેબ! એનું એજ! એનું લકવાનું જોર વધતુંજ જાય છે. હવે તો ભગવાન એને બોલાવી લે—અથવા મને મોત આપે! એની ચાકરી કરતાં—એનું દુઃખ વેઠતાં હું તો હવે મરી ચાલી! આપઘાત કરી મરૂં તોય ખોટું નથી પણ આ અંધ બચ્ચાંને માટે જીવું છું.

ડૉકટર: બાઇ, આ શેઠની જાણુ માટે તને મ્હારે એક સવાલ પૂછવો છે. આ ભૂંડા રોગ બાબે તને ત્હારી મા કે બ્હેન કે કોઇ સખીએ કે ત્હારા પતિએ આગમજથી કાંઇ કહ્યું કે જણાવ્યું હતું?

કાશી : ના. કોણ કહે? આફતના પહાડ વરસી રહ્યા પછીજ જાણ્યું! આપે કહ્યું ત્યારેજ જાણ્યું. માટીએ રોગ આપી કરૂપી બનાવી એના કરતાં મને કટાર ભોંકી મારી નાખી હોત તો ઠીક થાત!

ડૉકટર: હજુ બી ત્હારો વર દારૂ પીવા માટે તોફાન કરે છે કે?

કાશી : તોફાન તો એના હંમેશના છે. હું તો એને ના પાડું છું. પણ જ્યારે ઘણો છેડાય છે ત્યારે કંટાળીને—ડરીને એને આપું છું.

ડૉકટર : નહીં, દારૂ ના આપતી. એની હાલત વધારે ખરાબ થશે. આવતી સાલ આય ત્હારા દીકરાને અંધશાળામાં રમવા મોકલજે. ત્યાં થોડું થોડું એ શીખવા માંડશે. આપણે એને જોતો નહીં કરી શકીએ તો બી એની જીંદગી તો કંઇક સુધારી શકીશુંજ.

ભીખુબા : શું એ જનમભર આંધળો રહેશે? અરેરે! કેવો મોહક ને દેખાવડો છોકરો છે. ડૉકટર! એને જોઇને મ્હારો જીવ બળી જાય છે!

ડૉ. મીનોચહેરનો દર્દી

(ભીખુબા અંધ છોકરાને પોતાના પાસામાં ખેંચી અતિ મમતાથી તેનું ઉઘાડું માથું પસવારે છે. છોકરો મોં ઉંચું કરી અજાયબીથી નવા પ્રેમ કરનારને જોવા જાણવા ફોકટ પ્રયત્ન કરે છે. તે જોઇ નરમ દિલના ભીખુબાની આંખમાંથી બે આંસુ સરી પડે છે.)

ભીખુબા: (ગમગનીથી) અરે ખુદા! આય નિર્દોષ બચ્ચાંનો શું ગુન્હા! (સ્ત્રી તરફ જોઇ) બાઇ, ત્હારા છોકરાની આય હાલત ક્યારથી થઇ?

કાશી: જનમ્યા પછી બીજેજ દહાડે! કહો કે એ આંધળોજ મ્હારી ગોદમાં મૂકાયો! હજારો ઉપાય કીધા. આ ડૉકટર સાહેબની કૃપાથી અહીંના અને બાહર ગામના ભલભલા આંખના ડૉકટરોની સલાહ લીધી પણ બધુ યે ફોકટ! એ તો એવોજ રહેવાનો.

(કાશીના ગળામાંથી બે નરમ ડચકાં નીકળી પડે છે.)

ડૉકટર: બાઇ તું હવે જા. પણ સંભાળજે ત્હારા વરને દારૂનું એક ટીપું ના પાતી.

(કાશી અને તેનો બાળક દીકરો જાય છે.)

ભીખુબા: અરે રે! જનમથીજ આંધળો! કેવો દયાજનક દેખાવ!

ડૉકટર: ખુદાનો ઉપકાર માનો કે એવું તમારા જમાઇને કે દીકરીને કે દીકરીના દીકરાને થવા નથી પામ્યું!

ભીખુબા: હા, પણ ડૉકટર! આય છોકરો આંધળો કેમ થયો?

ડૉકટર: આંધળો કેમ થયો? બાપના રોગનો ભોગ થયો! વર બાહરથી રોગ લાવે ને પછી પોતાની બૈરીને આપે તેની આય મોહકાણ!

જો રોગ '**ગોનોરીયા**' નો હોય તો સ્ત્રીને માતા થવાનો વખત આવી લાગે ત્યારે 'ડીલીવરી' આપતાં ગોનોરીયાના '**ગોનો કોકાઇ**' નામે જરમ્સવાળો પસરાટ માતા તરફથી મળેલો બાળકને જન્મ લેતી વેળાએ જો તેની આંખમાં લાગવા પામે છે તો બચ્ચાંની આંખમાં ચાંદું પડી તે પાકી જઇ બચ્ચું હંમેશને માટે આંધળું થાય છે. એથી તો હવે દરેક સુવાવડખાનામાં જેવું બાળક અવતરે કે તેની આંખોને 'લોશન'થી ધોઇ નાખી તેમાં 'સિલ્વર નાઇટ્રેટ'ના ટીપાં રેડીએ છીએ કે જેથી 'જરમ્સ'વાળો પસરાટ આંખને લાગ્યો હોય તો બી 'જરમ્સ' નાશ પામે ને નિર્દોષ બાળક આંધળું થતું બચી જાય. આ ઉપાય અને સંભાળ આ બીચારી કાશીના બચ્ચાંના સંબંધમાં પહેલેથી લેવાએલાં નહીં એટલે એ આંધળું થવા પામ્યું.

ભીખુબા: સમજ્યો. પણ ત્યારે ગોનોરીયા બી સિફિલીસ જેટલો ભયંકર છે?

ડૉકટર: હાસ્તો! એ તો સિફિલીસથી વધારે ત્રાસદાયક ને વધારે ખરાબ રોગ છે. આપણા જુવાનો તે સમજતા નથી. એ નાદાનો એમજ સમજે છે કે 'ગોનોરીયા' થયો હોય તો તેની ફિકર નહીં, પણ ગોનોરીયા એટલે કે 'પરમો' સિફિલીસથી વધારે બદતર છે, કારણ ગોનોરીયાના 'જરમ્સ' શરીરના જે ભાગમાં વાસો કરે છે ત્યાં ઘણાંજ ઉંડાં જાય છે અને તેથી તેનો સંપૂર્ણ ઇલાજ કરવો ઘણો મુશ્કેલ થઇ પડે છે. ટુંકમાં મ્હારૂં કહેવું એટલુંજ કે કોઇએ પણ ગોનોરીયાના દરદને સિફિલીસ કરતાં નજીવું લેખવું નહીં.

ભીખુબા: ને સિફિલીસથી બી બાળક આંધળું થાય ખરૂં કે?

ડૉકટર: એમાં બી એજ જોખમ રહેલો છે. ફરક એટલોજ કે જો સિફિલીસથી બાળક આંધળું બને તો તે જનમતી વેળાએ નહીં પણ પાછળથી

તેવું થાય છે. તો આંધળાપણું માબાપના દર્દી થએલાં લોહીને લીધે ઓદ્દે ઉતરેલું બાળકને મળવા પામે છે. સિફિલીસના 'જરમ્સ'નું નામ '**સ્પાઇરોકીટા પેલીડા**' છે. તે જો માબાપનાં લોહીમાં હોય તો બચ્ચાંને જાતજાતનાં દરદ થાય. તેમાંનું એક આંધળાપણું બી હોય છે. એ જો બાળકને લાગુ પડે તો તેની બે વરસની ઉમરથી લઇને પંદર વરસ સુધીની વય સુધીમાં તેમ થાય છે.

ભીખુબા: (દિલગીરીથી) અફસોસ! મને આજ સુધી ખબર નહીં કે માબાપની જોખમદારી આ જાતની ને આટલી હદ સુધીની છે! આ તો એકની ભૂલને લીધે બીજાને ખમવું પડે તેવુંજ થયું!

ડૉકટર: હા, પણ તે કુદરતી છે. અરેરે ભીખાજીબા! ધારો કે આવા રોગોનું ભોગ થયેલું કોઇ બીચારૂં આંધળું બાળક જો જાતે **સમજી** શકતું હોય અને તે પ્રમાણે પોતાની કમનસીબીનું રૂદન રડી શકતું હોય તો તે આ એક કવિતા મ્હારી પાસે છે તે પ્રમાણેજ પોતાનું દુઃખ રડે! ઘણી **સરસ** કવિતા છે. ભીખાજીબા તમે સાંભળો, હું વાંચું છું. એ કવિતાનું નામ '**અંધારી રાત**' છે.

(અહીં ડૉકટર એક પુસ્તકમાં રાખેલું કવિતાવાળું કાગળ કાઢે છે અને અસરકારક રીતે ગંભીર મધુર સાદે વાંચે છે.)

અંધારી રાત.

છે તો બપોર પણ છે અંધારી રાત,
સૂરજ છે માથે–સૌ સ્થળે ઝળકાટ;
રેલાતો ખીણે ને પહાડે પ્રકાશ
સોનેરી રુપેરી; પણ મ્હારે કાજ
રહી છે એક ઊંડી ને અંધારી રાત:
ન તારા કે ચંદ્ર–આખી અંધારી રાત!

અંક ૩ જો

લીલાં છે ખેતર ને લીલું છે ઘાસ,
હરિયાળા બાગો–લીલું લીલું ચોપાસ,
પણ લીલું તે શું? છું કેવળ અજ્ઞાત,
જાણવામાં જાણું: એક અંધારી રાત!

કુદરત જ્યારે વસંતે નવી ઉગે
ઢળાણ જતી ટેકડીએ વેલા ઝુલે
ફુલો જ્યારે વાયુથી ચુમાય અને
આનંદી હૈયાં નિજ ખુલ્લાં મૂકે,
મુજ માટે ત્યારે ન રંગ કે પ્રકાશ–
પણ ઊંડી ને અનંત એક અંધારી રાત!

દર પ્રભાતે પ્રકટે જ્યાર નવો આફતાબ
ચૂમે આ ધર્તિને—લડાવે લાડ,
પોખે તેને માનવનાં સુખોને કાજ,
એમ સઘળાં છે હસતાં આનંદી આબાદ,
એક અભાગીજ હું જેને મળ્યા છે શ્રાપ:
'ન જોવું તારે અજવાળું પણ અંધારી રાત!'

"શા માટે થયું એમ?" જઇ પૂછો તેને,
જેણે મને જગતમાં જીંદગી દીધી
ને કિંમતી મુજ આંખોને ખૂંચવી લીધી!

પૂછો–જેણે પળભરના આનંદને કાજ
એક બાળકના સૂર્યને ભૂસ્યો છે ખાસ;
જેણે 'જુવાનીની ભૂલ'નો લાવી બચાવ,
નિજ બાળકને ઉખેડયું જીંદગીથી સાવ!

ડૉ. મીનોચહેરનો દર્દી

પૂછો એને—એ જાણે છે:
કોણે પાથરી મુજ નજર પર કાળી બિછાત!
પૂછો એને—એ જાણે છે:
કોણે આપી મને કાયમની અંધારી રાત!

હા, એ જાણે છે: ઘા કોણે કીધો જફાકારી,
કોણે મુજ માતાને જીવતી મારી
તેનો આપ્યો મને વારસો! ઓ જગતના તાત!
બીજ વાવ્યું એણે-હું લણું છું પાક!

(ડૉકટર કવિતા વાંચી રહે છે. ભીખુબા ભીણી આંખ રૂમાલથી સાફ કરે છે.)

ભીખુબા: શાબાશ! દિલ પીગલાવે એવી કવિતા છે. પણ ડૉકટર! આય કાશીના વરને લકવો શાથી થયો? લકવાને સિફિલીસ કે ગોનોરીયા સાથે શું નિસ્બત?

ડૉકટર: મ્હારા શેઠ! નિસ્બત છેજ. તેથી તો હું આય બેઉ ગંદા રોગને **ઠગારા** રોગ કહું છું. "રેડ સી ઍપલ" જોયાંછ ની? તેના જેવો મામલો છે. એ ઉપરાંત એ રોગના દેખીતા અને નહીં દેખીતા—જલદીથી ફૂટી નીકળે તેવાં અને છેક જીંદગીની સાંજે મોડેથી ફુટી નીકળે એવા ફણગા અને ફાંટા સંખ્યાબંધ છે. તેમાંનો એક તે **લકવો** છે. કોઇ માણસ જુવાનીમાં ગરમીનો રોગ લાવ્યો હોય—દેખીતી રીતે તદ્દન સાજો પણ થઇ ગયો હોય તો બી અઢાર વયમાં કે જીંદગીને છેડે લોહીમાં રહી ગયેલા રોગની છૂપાયેલી અસરને લીધે તેને લકવો થઇ આવે છે. સારવાર કીધેલી હોય છતાં પણ સિફિલીસના સો દર્દીઓમાંથી મોડે વહેલે પાંચ તો લકવાના ભોગ હોય છેજ.

અંક ૩ જો

ભીખુબા: હવે સમજ પડી. પણ ડૉકટર, પેલો કામદાર–કાશીનો વર સારો થશે કે?

ડૉકટર: એ દારૂ પીવાનું છોડતો નથી એટલે મને આશા નથી. ભીખાજીબા, તમે જાણો છ? ચાંદીના રોગનો એક જબરદસ્ત પેદા કરનાર અને પોષનાર તે દારૂ છે એ તમે જાણો છ?

ભીખુબા: નહી રે બાવા! આપણે શું સમજી મરતા'તા!

ડૉકટર: સાંભળો! આય કામદારનો આખો "કેસ" હું જાણું છ. એને જુવાનીમાં કોઇ ડૉકટરે આય રોગમાંથી થોડો ઘણો સારો કીધેલો, એટલુંજ નહીં પણ ભવિષયમાં પાછો રોગ ઉભરી નહીં નીકળે ને રોગ સામે બની શકતું રક્ષણ મળે તેથી દારૂ નહીં પીવાની સલાહ આપી હતી. એ સલાહ મુજબ જો તે ચાલ્યો હતે તો અનીતિની જગામાં પણ એ પોતાને ભયથી દૂર રાખી શકતે. પણ બીચારો કામદાર આખર કરેને ગમાર, તે દારૂ પીને તેની અસર હેઠળ અનીતિની બજારમાં જઇ પાછું ત્યાથી ઝેર ખરીદી આયો! મ્હારી પાસે આવીને પાછી દવા કીધી પણ કમબખ્ત દારૂ નહીં છોડી મરતો તે હવે સાજો થઇ રહ્યો! ને ભીખાજી બા, બીચારા અભણ કામદારને તે શું કહીએ? શીખેલા ભણેલા આપણા જુવાનિયાઓ બેવકુફ જેવા, દારૂ પીને હલકી જગાએ ભટકવા જાય છે, એટલે રોગ નહીં લાગુ પડતો હોય તે બી તરત લાગુ પડી જવાનો તેમને વધારેજ સંભવ રહે છે. ટુંકમાં, સાહેબ! દારૂડીયાઓ સિફિલીસ સામે જરાબી સલામત નથી. ખરૂં કહું તો દારૂડિયા ચાંદી–રોગી માટે જરાબી આશા નથી. બાળક આંધળું આવ્યું તે આય સિફિલીસ સાથે દારૂની મહોકાણથી!

(ડૉકટર ઘંટડી વગાડી મોટેથી બોલે છે.)

ડૉક્ટર: કેશવપ્રસાદ! પેલી લટકાળીને જરા મોકલજો.

(મદદનિશ ડૉક્ટર કેશવપ્રસાદ અંદરથી જવાબ આપે છે–"યસ સર.")

ભીખુભા : (અજાયેબીથી) એ લટકાળી કોણ?

ડૉક્ટર: એ એક બાપડી કરમાએલી ફુલકળી છે. રોગી બની છે પણ હજી એની લટક ગઇ નથી. કૈં બી અચકાયા વગર, સત્તર નખરાં કરતી કરતી એ તમારી આગળ પોતાની બધી વાત કરશે; સબબ, શરમ કોઇને ભોંયમાં દાટી દેછ પણ એણે તો શરમને ભોંયમાં દાટી દીધી છ! (ગંભીર બની) પણ એમાં એનો વાંક નથી. એ શરમ છોડાવનાર પણ આપણીજ જાતિના આપણા મરદોજ છે. વાંક આપણોજ છે.

ભીખુભા : પણ એ જાતની છે કોણ?

ડૉક્ટર: છે એંગલો ઈંડીઅન જુવાન સ્ત્રી! એનું નામ **એલીસ લવડેલ**. એનો બાપ કૅપટન **એનડ્રુ લવડેલ** ગુજરાતના ન્હાના મોટા ઘણા એક શહેરોમાં વર્ષો સુધી મોટો પોલીસ ઓહ્દેદાર હતો. એની બૈરી બીચારી અહીંજ મરણ પામેલી. પાછળથી કૅપટન લવડેલ, દારૂ વગેરે છંદોમાં પડી એક ખૂબસુરત રજપુતાણી સાથે પ્યારમાં પડયો. તેમના સંબંધનું પરિણામ આય છોકરી એલીસ લવડેલ! કૅપટનને ઘણાં ઘણાં સારાં દેશી ઘરોમાં પીછાણ. ગુજરાતી તો એવું સરસ બોલી જાણે કે કોઇ ભલો અમદાવાદી કે સુરતી હિન્દુ બી તેવું શુદ્ધ નહીં બોલે. એ બીચારો દારૂ ને દારૂમાં અથઇને અંતે માર્ગે લાગો. આય છોકરીનો સ્વભાવ અસલથી બેહદ સ્વછંદી એટલે અહીં કોઇ એના દુરનાં સગાં હોસે તેમની સાથેબી પાધરી રહી નહીં; ને અમદાવાદ, પુના, મુંબઇ વગેરે ઠેકાણે "ગવરનેસ" તરીકે પૈસાદારોને ત્યાં નોકરી રહીને ગુજારો કરવા લાગી. તદ્દન નાદાન જુવાન છોકરી, વળી સ્વતંત્ર અને તમામ એકલી એટલે એ

બીચારી જલદીથી મરદોની મોહજાળમાં ફસી પડી. છેવટ રોગી બની. હમણા કેટલોક વખત થયો કરાંચીમાં છે. ખરૂં પૂછો તો હવે બીચારી રસ્તે રખડતી થઇ ગઇછ. દર્દી લેખે કોઇ કોઇ વાર મ્હારી આગળ આવેછ. એ હમણાં આવે ત્યારે તમે એના રંગઢંગ જોજો. માય રજપુતાણી અને બાપને શુદ્ધ ગુજરાતી ઘણું સરસ આવડે એટલે એ બી ઘણી સરસ ગુજરાતીમાં તમારી સાથે વાતચીત કરશે.

(એલીસ લવડેલ આવે છે. આત્મભ્રષ્ટ થએલી, કાવલી કરમાએલા સુંદર દેખાવની એ કોઇનું પણ ધ્યાન ખેંચે એવી છે. એના પાતળા ચહેરા પર દર્દની છાયા છે પણ આંખોમાં હજુ ચંચળતાનું તેજ છે. પહેરવેશ નાટક વાળી ગોરી છોડીઓ જેવો આછો, ઉઘાડો, તંગ, ભપકાબંધ અને જાલીદાર છે પણ લગાર જુનો અને મેલો છે. તાજો લગાડેલો પાવડર અને રંગ, હાથ મોઢાં અને હોઠ ઉપર દેખાઈ આવે છે. સુગંધી 'સેન્ટ'થી એ મઘમઘી રહી છે. હાથમાં એક ન્હાની જેવી "પર્સ બૅગ" છે. અંગ મરોડતી, આંખ મચકાવતી, હોઠ મટમટાવતી ધીરી વિલાસી લટક ચાલે એ ચાલી આવે છે.)

ડૉકટર : કમ ઑન–મિસ લવડેલ! ટેક સીટ પ્લીઝ. આય વૃદ્ધ શેઠ શહેરના એક મોટા માણસ છે અને એઓ......

એલીસ : (વચ્ચે ટકોરથી) એ વૃદ્ધ ઘરડાઓને અને મોટા કહેવાતા સજ્જન શેઠીઆઓને હું બરાબર ઓળખું છું! મોટા તેટલા ખોટા. એ બુઢ્ઢા ખખોને પણ રમવા સારૂં રમકડાં તો જોઇએજ! જુવાન હો કે ઘરડા હો—એ બધાને મન અમે રમકડાંજ!

ડૉકટર : એલીસ! એઓ ત્હારી વાત જાણવા માગેછ.

એલીસ: (હસીને) એ તો મુખે બોલ્યા વિના પણ કહી શકાય એવી છે! જોતા નથી?

ડૉક્ટર: વારૂ, જે રોગથી તું પીડાય છે તેની કોઇએ તને આગમજથી જાણ કરી હતી?

એલીસ: નહીં, કોણ કરે? મા જુઓ તો મૂઢ, બાપ દારૂમાં ચકચૂર, ભાઈ બાહેર ગામ, બહેન કોઇ નહીં; મને કોણ ચેતવે? જી! એ તો હાણ થયા પછીજ જાણ થાય! પુરુષો અમને સારૂં શીખવે ને સીધે માર્ગે દોરવે શે ના? એ તો અમલ ચલાવી જાણે—બળ પણ બતાવી જાણે! પુરુષોનો તો હક—અમારે તો ફરજ! પુરુષોના તો અધિકાર—અમારી તો તાબેદારી! પુરુષને સત્તા, સ્વતંત્રતા અને મન ચાહે તેવા મોજીયાં—અમને દરેક રીતની બંધી, જોખમદારી અને ખાસડાં! સાંભળો શેઠીઆઓ! બળાત્કાર એ મ્હારી જીંદગીમાં પુરુષ તરફથી મને મળેલો સૌથી પહેલો શિક્ષણ પાઠ!

ભીખુબા: (ચમકીને) બળાત્કાર?

એલીસ: હા, મ્હારા પહેલા મૂજી શેઠે—એક મોટા માણસે લાલચથી નહીં પળટાઇ ત્યારે મને જોર જબરીથી ફસાવી. હું એને ત્યાં 'ગવરનેસ' હતી—આબરૂદાર હતી. મ્હારો અવતાર ધુળ મળ્યો—મ્હારો ભવ બળી ગયો—અભાગિયાં બાળકને બાળાશ્રમમાં છૂપાછૂપ મૂકયું.

ભીખુબા: સાથે કાંય નહીં રાખ્યું?

ભીખુબા: (ટકોર અને જુસ્સાથી) સતના કાંટા જેવી દુનિયા રાખવા દે તો ની? સગાઓએ બાહર કાઢી—મિત્રોએ હાંકી મેલી—સમાજે મને તુચ્છકારી—

કોઇએ મને પાછી નોકરી ન આપી. મ્હારા પ્રત્યે દયા ન બતાવી. હું પડેલીને ઉંચકી લેવા કોઇએ આંગળી સરખીયે ન આપી. બધાંજ ભાન ભૂલી બેઠાં કે ગમે એમ પણ હું એક **માતા** બની છું! એ બધા ચોખ્ખાચટ્ટ ફિરેસ્તા ને હુંજ એક શેતાન! મ્હારા બદમાસ શેઠે મને એક પાઇ વિના રખડતી કીધી. પછી હું શું કરૂં? હું ભૂખે મરતી થઇ–બચ્ચાંને કેમ મરવા દઉં! ન છુટકે બાળાશ્રમમાં છોડી દીધું!

ભીખુબા: પછી?

એલીસ: (પર્સ ખોલી તેમાંથી પાવડરની દાબડી અને આરસી કાઢી તેમાં જોઇ મોં પર પાવડર લગાડતે–નફ્ફરાઇથી) પછી તો પછવાડુંજ! આગળ અવાય શે નું? ચાલુ ભૂખે મરી જવા જેવી હું જોરાવર કે ફિલ્સુફ ન્હોતી! મ્હારે જીવવું હતું. નીતિને માર્ગે કોઇએ મને આવવા કે જવા દીધીજ નહીં. હું નફ્ટ ને બેદરકાર બની–પુરુષો પર મને ધિક્કાર ઉપજવા માંડયો–હું અનીતિના માર્ગે ચઢી!

ભીખુબા: (અણગમાથી) અ રે રે!

એલીસ: (સહેજ ખીજ પાડી) અરે રે શું? (કચવાટથી) પુરુષો અને સ્ત્રીઓના દિલમાંથી પણ અરેજ નીકળી ગઇ પછી અરે રે શું! હું નીતિ ભ્રષ્ટ થએલી છેવટ રોગી પણ થઇ.

ભીખુબા: તુરત ઉપાય કીધો કે નહીં?

એલીસ: ના, પાછળથી ઉપાય કીધો પણ તે આગમજ એક મુજીનો ઉપાય કરી નાખ્યો!

ભીખુબા: મુજી કોણ?

એલીસ : મ્હારો આગલો શેઠ: જેને ત્યાં હું ગવરનેસ હતી. એની નોકરી છોડયા પછી કંઇક સમયે એ મને એક વાર રસ્તામાં મળી ગયો. મ્હારી આબરુના એ પહેલા ખુનીને જોતાંજ મને અત્યંત ધિક્કાર છૂટયો. વેર અને કીનાની આગ મ્હારા દિલમાં સળગી ઉઠી પણ મેં તે છુપાવી, આંખ્યો નચાવી એ મૂર્ખ જાનવરને હસી હસીને આવકાર આપ્યો—બહુ મિઠાશથી તેની સાથે વાત કીધી—અને મ્હારી બનાવેલી જાળમાં એ ફસાયો. જે દયાહીન બદમાસે મ્હારો ઉગતો કાળ બગાડયો, મારૂં શરૂઆતથી નખ્ખોદ વાળ્યું તેનું મેં વ્યાજ સિકકે વેર લીધું. આજે તે મુજી અને તેનો એકનો એક તાજો માજો જુવાન દીકરો મ્હારા હડહડતા ઝેરી રોગમાં ખદબદતા કીડા માફક સબડે છે! (ખડખડાટ હસે છે.)

ભીખુબા : (અજબ થઈ દિલગીર સાદે) કેવું નાલાયક! પણ છોકરી મને ત્હારી દયા આવે છે!

એલીસ : (ચેષ્ટાપૂર્વક) એ હવે અજબ થવામાં ને દયા બતાવવામાં કાંઇ વળ્યું નહી!

ભીખુબા : વારૂં, તુંને કોઇ 'રેસ્કયુ હોમ' કે 'ઇન્ડસ્ટ્રીયલ હોમ'માં રાખીએ તો કેમ?

એલીસ : (હસીને) ગુડ ગૉડ! એ હવામાં હવે કોણ જીવે!

ભીખુબા : છોકરી! જો મ્હારી સલાહ માન! ત્હારી જીંદગી સુધાર. કદાચ કોઇ ભલો મરદ હજુ બી તુંને પરણવા તૈયાર થશે ને હજુ બી તું સુખી થશે.

એલીસ : મુરબ્બીજી! સુધરવામાં મને વિશ્વાસ નથી. મરદોમાં મને મોજ નથી. એક એક મરદ મ્હારે મનથી મ્હારો શત્રુ છે; અને '**સુખ**'

એ શબ્દજ જાતે ઠગારો છે. હવે તમે શું કહો છો? (ડૉકટર ભણી જોઇ હસતે હસતે) ગુડ બાઇ ડૉક! (ભીખુબા ભણી ટકોરમાં નમીને) ગુડ બાઇ ઓલ્ડ મૅન—ચીઅરીઓ!

(લહેકા કરતી જાય છે. ડૉકટર અને ભીખુબા તેને જોઇ રહે છે.)

ડૉકટર: સાહેબ! આ નજરો નજર દાખલાઓ પરથી તમે જોયું કે માણસો કેવી કેવી રીતે લપસે છે, કેમ રોગને આધીન થાય છે અને તેમ થવામાં અજ્ઞાનતા અને બે ખબરી કેવો મોટો ભાગ ભજવે છે!

ભીખુબા: ડૉકટર! તમે સાચ્ચુંજ બોલો છો. મ્હારો આ અભાગિયો જમઇ પહેલાંથીજ આ ભયથી જાણીતો હતે તો કેવું સારૂં થતે! એની બે ખબરીને લીધે મ્હારી શહેરાંનું સત્યાનાશ વળી ગયું તે ખરૂં!

ડૉકટર: (જુસ્સામાં) ને તમારી બે ખબરીનું શું? તેને કાંય નથી ડામ દેતા? તમે પિતા લેખે તમારી ફરજ શા માટે ભૂલ્યા? તમારી દીકરી પરણી તો હમણા; તે આગમજ તમોએ એ તમારી જુવાન બેટીને વખતસર જોઇતી સમજ કાંય નહીં આપી? હવે બારમે કલાકે બુમ બરાડા પાડવા નીકળ્યા છો તો લગનને બહાલી આપવા આગમજ કાંહ સુતા હતા? જે કંઇ થયું છે તે માટે સૌથી પહેલા જવાબદાર અને ગુન્હેગાર તમે છો!

ભીખુબા: (લગાર ગભરાઇને) અરે—અરે પણ હું શું જાણું કે એ કમબખતને એમ છે?

ડૉકટર: (ખેદભર જુસ્સાથી) તમે શું જાણો? વાહ! દીકરીનો હાથ જમઇને સોંપતી વેળાએ તમોએ તેના ખાનદાનની, તેના પૈસાટકાની, તેના ઘરબારની, તેના સંસારી દરજ્જાની, રે! તેના ઘોડાઓ અને કુતરાઓ

વટીકની તમોએ ખબર કાઢી! એ બધાંથો જાણીતા થવાનું તમાને સૂઝયું પણ પરણનાર છોકરાની તનદોરસ્તીની, તે કોઇ છુપા ખરાબ રોગથી પીડાયછ કે કેમ એજ એક અગત્યની ખબર જાણવાની તમોએ જરાબી દરકાર નહીં રાખી!

ભીખુબા : એટલે—એટલે તમે શું કહેવા માગોછ? મ્હારે એ કેમ જાણવું હતું તે તો કહો?

ડૉકટર: તમે લગનનું સાટું બેસાડયું તે આગમજ નાદરશાહ વકીલને બોલાવેલા ની?

ભીખુબા : હા.

ડૉકટર: તો તેની આગમજ તમારે **ડૉકટરને** બોલાવવો હતો; છોકરી માટે લેડી ડૉકટર અને છોકરા સારૂ મરદ ડૉકટર! **હવે** સમજ્યા? (ગંભીરાઇથી) ભીખાજી શેઠ! **લગન** એ જો ખરેખર એક "ધાર્મિક જોડાણ"જ હોય તો તેને માટે એક વકીલ અને એક ધરમગુરુ કરતાં પણ એક સ્ત્રી ડૉકટર અને એક મરદ ડૉકટરની આપણને અને આપણી આખી કોમને ઘણીજ વધારે જરૂર છે. કારણ, એક **લગન** "ધાર્મિક" હોય છતાં "રોગી" હોય "કાયદા પૂર્વક" હોય છતાં "કંગાલ" હોય! એટલાજ માટે બીજું બધું કરવા પહેલાં છોકરી તરફના મરદ ડૉકટરે વર થવા ઇચ્છનારની અને છોકરા તરફની સ્ત્રી ડૉકટરે કન્યાની શારીરિક તપાસ બારીક રીતે લેવીજ જોઇએ.

ભીખુબા : તમારી આય સૂચના તદ્દન બરહક છે ડૉકટર, પણ પહેલાં તો સરકારે તેને લગતો કાયદો ઘડીને આપણને જોગવાઇ કરી આપવી જોઇએ.

ડૉક્ટર: એવો કાયદો પહેલાં ઘેરથી શરૂ થવો જોઇએ. સરકારની રાહ જોતાં બેસી રહેવું કેમ પાલવે! સરકારના કાયદાથી આપણે સુધરીએ તેના કરતાં આપણે પોતાની મેળે કાંય નહીં સુધરીએ? (અવાજને સહેજ ધીમો કરી) હવે સાહેબને પૂછું કે આપને કોઇ બીજી બી દીકરી છે કે?

ભીખુબા: હા છે.

ડૉક્ટર: તો બીજી વાર ભૂલ ના કરતા. એ પરણવા લાયક થઇ હોય તો મરદોના આવા રોગથી એને અજાણ ના રાખતા. એણે પોતાનો શરીર–ધર્મ જાણવો જોઇએ. પરણ્યા સંસારમાં એ પોતે પોતાને અને પોતાના પતિને સ્વચ્છતામાં તથા આંકોશમાં રાખી શકે એટલું જ્ઞાન તો એને થવુંજ જોઇએ.

ભીખુબા: અરે પણ ડૉક્ટર! આવી આવી વાત જુવાન છોકરીઓના કાનપર પડે એ તેમની 'મોડેસ્ટી' ઉપર એક મોટો ફટકો નથી?

ડૉક્ટર: (સૂચક હસીને) ભીખાજી બા, ત્યારે તમે આજકાલનાં જુવાન છોકરા છોકરીઓને પીછાણતાજ નથી. આજનો જમાનો કંઇ નિરાલોજ છે– તમારો અને મ્હારો જમાનો જૂદો હતો. હવે તો સ્કુલમાં શીખતા છોકરાઓ તો શું પણ સ્કુલમાં શીખતી છોકરીઓ બી કંઇ કંઇ સમજે છ અને પોત-પોતાની વચ્ચે **બધી જાતની** તરેહવાર વાતચીત કરેછ. જો વખતસર લાયક માણસો તેઓને લાયક સલાહ ને ચેતવણી આપનારાં નહીં મળશે તો પછી અધકચરી અને ઉંધી–આડી સલાહ આપનારાં તો તેમને મળવાનાંજ. એથી ઉલટી ખરાબી થશે.

ભીખુબા: પણ સ્ત્રી–લજ્જા એક મોટી વાત છે, ડૉક્ટર!

ડૉક્ટર: (જુસ્સામાં) ભીખાજી શેઠ! "લજ્જા" એટલે કે "મોડેસ્ટી" અને "લજ્જાનો દેખાવ" એટલે કે "પૃડરી" એ બે વચ્ચે આસમાન જમીનનો

ફેર છે. એ ફરક માબાપોએ પોતે પેહેલાં જાણવો જોઇએ. અને પછી તેવો ફરક માનતાં અને પાળતાં પોતાની જુવાન દીકરીઓને શીખવવી જોઇએ. કઇ વાતોથી શરમાવું અને કઇ વાતોથી નહીં શરમાવું એ પાઠ હજુ આપણે અને આપણાં જુવાન બચ્ચાંઓએ શીખવો બાકી રહ્યો છે. (જરા થોભીને) ભીખાજી બા! એટલું યાદ રાખજો કે જે જુવાન છોકરી મરદ જાત વિષે અણગમો રાખે છે, યા અણગમો છે એવું બતાવે છે; જે જુવાન છોકરી પરણવાનું નામ સાંભળતાંજ સુગાઇ ઉઠે છે—ફફડી પડે છે અને પોતાના લાભ માટેની તદ્દન કુદરતી ઘણીજ અગત્યની એવી વાતો સાંભળવાને ઘણીજ નારાજ હોય એવું બતાવે છે તેવી છોકરીને "વિવેકી" કે "લાજવાળી" માનવામાં માબાપો ખરેજ ભૂલાવો ખાય છે. એ જાતની ઉગતી છોકરીઓની 'સિનસીએરીટી' તથા 'મોડેસ્ટી' માટે હું તો શકીલોજ રહું! એવી છોકરીઓ યા તો શરીરે અમુક રીતે રોગી કે નબળી હોવી જોઇએ યા તો પોતાના દિલના કુદરતી જુસ્સાને છુપાવવા ખાતરજ તેઓ 'લજ્જા'ના દેખાવનો બનાવટી આશરો લેતી હોવી જોઇએ! **'હું કેવી મોડેસ્ટ છું'** એવી છાપ બીજાંઓ પર ખાસ પાડવા માટેજ તેઓ ઢોંગી અને ડોળઘાલુ થતી હોવી જોઇએ. ટુંકમાં મ્હારૂં કહેવું એમ કે એક કુદરતી છોકરીએ કુદરતી હોવું અને દેખાવું જોઇએ. તેઓએ **રોગી-લજ્જામાં** નહીં પણ **"તનદુરોસ્ત લજ્જા"**માં માનવું જોઇએ. (લગાર થોભી) ભીખાજી બા! મને પોતાને પણ એક જુવાન કુંવારી દીકરી છે. વળી એની માય કે કોઇ બહેન નથી. મ્હારી એક લેડી એસિસટન્ટ ડૉકટર એને એનો શરીર ધર્મ સમજાવે છ—હું કોઇ વાર પોતે પણ કહેવાય એટલું એને કહું છ. એમાં શરમાવાનું શાનું? એમાં તેમની 'મોડેસ્ટી' પર ફટકો શાનો? પછી એ ખબરીની મોહકાણમાં કોઇ દહાડો કુદરત ફટકો મારે ત્યારે તેઓએ તે ખમી લેવો એમજ ની? અરે રે! આપણી અનેક અને સંખ્યાબંધ જુવાન વહુ

દીકરીઓ અને સ્ત્રીઓ તરેહવાર વહેમ વસીલાને વશ થાય—કેટલાક ખોટા અને નુકસાનકારક રીતરીવાજને પંપાળે—પોષે, તેની શરમ આપણને આવતી નથી; અને જેની પર દીકરીની દેહના અને જીંદગીનાં સર્વ સુખનો આધાર તેને લગતી એક સૌથી અગત્યની સમજ આપવામાં આપણને 'લાજ' અને 'લજ્જા'નો વાંધો આવે એના જેવું લજ્જા ભરેલું દુનિયામાં બીજું શું હોઇ શકે?!

ભીખુબા: (ખેદ પૂર્વક) ખરૂં બોલ્યા, ડૉકટર! તમે બિલ્કુલ ખરૂં બોલ્યા! મને પોતાને અફસોસ છુટેછ. મ્હારા બચ્ચાંઓ તરફ મ્હારી ફરજનું ભાન મને આજે સિત્તેરમે વરસે આયું! કેવું દિલગીરી ભરેલું! જાતે અજ્ઞાન રહીએ અને પછી કડવાં ફળ ચાખીએ તેમાં કોણનો વાંક?

ડૉકટર: ફિકર ના કરો, ભીખાજી શેઠ! તમારાં ત્રણે વહાલાંઓની 'ટ્રીટમેન્ટ' મ્હારા હાથમાંજ છે. હું એ ત્રણેને જરૂર સારાં કરશ. બાળક પણ પાછું ગળગોટા જેવું થઇ જશે. હવે તમારૂં કામ એજ કે તમારી બીજી દીકરીને તમારે અજાણ રહેવા દેવી નહીં. એવું કરવું કે પ'ણવા પહેલાં એજં તમારી આગળ આવીને તમોને છોકરાની 'મેડીકલ' તપાસ લેવડાવવાનું દબાણ કરે.

ભીખુબા: ડૉકટર, વચન આપુંછ કે બીજી દીકરીને અજાણ રહેવા દેવસ નહીં.

ડૉકટર: (સ્મિત [Smile] કરતે) કેમ સાહેબ, હવે તો તમારો ગુસ્સો ઉતર્યોની? (ગંભીરાઇથી) હવે જુઓ મહેરબાન! એકવાર ફરીથી મને ભાર મૂકી મૂકીને કહેવા દયો કે સિફિલીસ ગોનોરીયા વગેરે ત્રાસદાયક રોગોને માણસો વચ્ચેથી હાંકી મેલી દુર કરવાનો રામબાણ ઉપાય લોકોને એ સંબંધી

જ્ઞાન આપવામાંજ સમાએલો છે. એ ઉમદા કામની આડે આવનાર આપણા એ મોટા શત્રુઓ તે **"ખોટી લજ્જા"** અને **"દોષિત નિર્દોષતા"** છે. એ બેને પહેલાં ગરદન મારવા જોઇએ; તોજ આપણે જનસમાજ ઉપરનો આ નખોદિયો શ્રાપ દૂર કરી શકીશું. (વધારે જુસ્સાથી) હા એ ચેપી આફત આપણે ઉખેડી શકીશું; **પણ તે ધાંકધપોડથી નહીં–તેને ભેદ ભરમમાં વીંટાળી ઘુંટાળીને નહીં–તેના ભોગ બનેલા કમનસીબ દર્દીઓને અપરાધી ગણીને નહીં. તરેહવાર પ્રકારની ખુલ્લી બહોળી જાહેરાતથીજ એ કામ થવું જોઇએ.** ઉગતા જુવાનોને ફક્ત આટલું ફર્માવવું કે **'અનીતિની બજારે જશો નહીં'** અથવા તો બીચારી પડી ભાગેલી સ્ત્રીઓને વસ્તિ વચ્ચેથી ફક્ત દુર કરવાથીજ આ ગંદા રોગો સામે આપણને રક્ષણ મળી જવાનું નથી. તમો જાણો છ ભીખાજી શેઠ, કે ઘણી વેળાએ **'બિન સલામત જગ્યા'** કરતાં કહેવાતી **'સલામત જગ્યા'** એથી એ ચેપ લાવી શકાય છે. બાપડા ઉઘરતા–ઉછરતા અજાણ જુવાનિયાઓને એ બધું કોણ સમજાવે? આજકાલ પહેલાં તો તેઓને 'અજ્ઞાન' રાખવામાં **'ડહાપણ'** મનાય છે! ને પછી તેઓને 'અપરાધી' ગણવામાં **'ઉપાય'** સમાય છે! **ખચિત,** ખચિત–આ આપણી પાપી નિર્દોષતા અને બેવકુફ વિચારો અને જુઠ્ઠી શરમ આપણે હવે એકદમ તજવીજ જોઇએ. છોકરો કે છોકરી દસબાર વરસનાં થવા આવે કે તેના બાપે, તેની માતાએ, તેના શિક્ષકે કે પછી તેના શુભેચ્છક વડીલે તેને **'માસ્તર બેશન'** (હાથરસ)ની કુટેવ વિષે **સંભાળ પૂર્વક** સમજ ધીરે ધીરે આપવી જોઇએ–છોકરો છોકરી પંદર સત્તર વર્ષની હદ છોડે ત્યારથી તેમને ધીરે ધીરે **ગંદા ચેપી રોગથી** દુર રહેવા માટે ચેતવણી અને જોઇતી કાંઇક સમજ આપવીજ જોઇએ–અને છેવટે છોકરો છોકરી પરણવાના હોય ત્યારે તે બન્નેને **"યુજેનિક્સ"** એટલે કે સારી પ્રજા ઉત્પતિની સમજ આપનારી વિદ્યાનું શિક્ષણ મળવુંજ જોઇએ.

(લગાર થોભી) ભીખાજી બા, હવે તો જુવાનિયાઓને પાસે બોલાવી–બેસાડીને, માયા મહોબતથી ખુલ્લે ખુલ્લું કહી આપવું જોઇએ કે "આ અને આવો રોગ, આવી કે તેવી રીતે માણસને લાગુ પડે છે અને એક વાર જો સિફિલીસ કે ગોનોરીયાના ભોગ થયા અને તેનો ઝેરી સડો શરીરમાં પેવસ થઇને જો આગળ અને ખૂબ આગળ વધ્યો તો પછી **બહેરાપણું**, **આંધળાપણું**, **દિવાનાપણું** અને **વાંઝીયાપણું** તમને અને તમારા બાળકોને આવી મળશે એમાં કશો શક નથી." મોટા અવાજે આ વહાલા જુવાનોને કહી નાખો "કે એકવાર આ રોગ ત્રાસદાયક થવા માંડયો તો પછી તેના દુષ્ટ મારા હેઠળ શરીરનો કોઇપણ ભાગ નિરોગી અને સલામત રહી શકશે નહીં. લોહીનું કમતી થવું, બાલનું ખરી પડવું, એ ઉપરાંત 'હાર્ટ,' ફેફસાં, કલેજું, બ્લૅડર, કીડની, ભેજું, જ્ઞાનતંતુઓ, ધોરી નસ અને હાડકાં એ બધું સડવા માંડી દોજખ કરતાં પણ સખત વેદના ચાંદી કે પ્રમેહથી થવા માંડશે. ભેજાં પર ગુમડાંઓ થવાં, નાકનું ખરી પડવું, ચહેરાનું બદસુરત બનવું તથા લકવાના હુમલા થવા વગેરે વગેરે પણ ચાંદીના કે ગોનોરીયાના ગ્રાહક માટેજ સરજાએલાં છે."

ભીખુબા : (કમકમી) અરરર! આટલું બધું! ખુદા આપણી અજ્ઞાનતા આપણને માફ કરે. (લાગણી પૂર્વક ઉમંગથી) ડૉકટર સાહેબ! આજથી હું આય ગરમીને લગતા ચેપી રોગોનો ખાસ અભ્યાસ કરવા માંડસ અને જીંદગીના બાકીના દિવસ અજ્ઞાન લોકોને એનું જ્ઞાન આપવામાં પુરા કરસ. એ ઉપરાંત મ્હારી અર્ધી દોલત ગરમીને લગતા ચેપી રોગની સમજ કોમ પરકોમ અને દેશમાં ફેલાવવાના કામમાં–એ રોગનો અટકાવ કરવાના તથા એના દર્દીઓને સારા કરવાના કામમાં આપી દેવાનું જાહેર કરૂં છ.

ડૉકટર : (ખુશાલીથી) શાબાશ! ભીખાજી શેઠ, તમને શાબાશ છે! ખરેજ, આથી તમોએ એક જગત સેવાજ ઉપાડી લીધેલી ગણાશે–આથી

હજારો દુ:ખીઓને તમો બચાવી શકશો—લાખો તમારા આભારી બની તમને દુઆ દેશો! (ગંભીર જુસ્સાથી) ભીખાજી બા, ફરીથી કહું છ કે જુવાન પુરુષોને અને જુવાન સ્ત્રીઓને તેમની જોખમદારીનું ભાન કરાવવુંજ જોઇએ. "**હું નહીં જાણતો હતો**" "**હું નહીં જાણતી હતી**" એવી બારમે કલાકે થતી બચાવની, ફરિયાદની કે દુ:ખની વરાળ આપણી કોમના એક પણ જુવાન છોકરા છોકરીને ભવિશમાં કાઢવાનો વખત નહીં આવે એવી સ્થિતી ઉભી કર્યા વગર આપણો હવે કોઇ બીજો છૂટકો નથી. (સહેજ થોભી બંદગીની ઢબમાં) ખુદા કરેને આપણા લોકોમાં આવાં દુ:ખ દરદ ઉપજાવનારી અજ્ઞાનતા તથા ખોટી શરમ દૂર થાઓ! આપણી પ્યારી કોમમાં—બીજી ભાઇબંધ કોમમાં અને આપણી આ પવિત્ર ભૂમિમાં અજ્ઞાનતાનો તથા પળભરની ભૂલનો ભોગ બનેલો "**રદ્દી માલ**" બહુજ ઓછો અને ઓછો નિપજવા પામો—છેવટે તે તદ્દન નાબુદ અને નષ્ટ થાઓ! એજ આપણી બંદગી! સર્વે તેમાં સામેલ થાઓ! સર્વે દુ:ખીઓને એ બંદગી ફળો!

ડૉકટર તથા ભીખુબા: આમીન! આમીન!!

(પડદો પડે છે)

સમાપ્ત

Printed by Alex. Fonseca,

at the "Union" Press, Ltd., Elphinstone Street, Camp-Karachi

and published by

Pherozeshah Rustomji Mehta, 14, Parsi Colony, Karachi.